આજનો સુવિચાર

મહત્વનું કામ વ્યસ્ત માણસને સોંપવું, કારણ કે નવરા માણસ પાસે સમય નથી હોતો !!!

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૬ અંક : ૨૭ જૂનાગઢ તા.૧૭-૦૧-૨૦૨૨ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

તા. ૨૦ જાન્યુઆરીથી ગુજરાત ડોકટર ફોરમ હડતાલ ઉપર ઉતરશે

ગાંધીનગર તા. ૧૭

પોતાની પડતર માંગણીઓનાં સંદર્ભમાં ગુજરાત ડોકટર ફોરમ દ્વારા તા. ૨૦જાન્યુઆરીથી હડતાલ ઉપર ઉતરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોતાની ૧૨ પડતર પ્રશ્નોના ઉકેલની માંગ સાથે ગુજરાત આરોગ્ય સેવામાં વર્ગ-૧ અને ૨માં ફરજ બજાવતા તબિબો દ્વારા આજે રાજય સરકારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં વારંવાર રજુઆત કરવામાં આવી હોવા છતાં સરકારે તબિબોની માંગણીઓ તરફ ધ્યાન નહી આપતા અને પડતર પ્રશ્નોનું નિરાકરણ નહી થતાં તા. ૨૦ જાન્યુઆરીથી ગુજરાતભરમાં સરકારી સેવામાં રહેલા ડોકટરો હડતાલ ઉપર જશે તેવો નિર્ણય જાહેર કરવામાં આવેલ છે.

આવતીકાલે વડાપ્રધાન વર્લ્ડ ઈકોનોમીક ફોરમને સંબોધન કરશે

નવી દિલ્હી તા. ૧૭

આવતીકાલે વડાપ્રધાનમોદી વર્લ્ડઈકોનોમિક ફોરમને સંબોધન કરશે આ વર્ચ્યુઅલ ઈવેન્ટ ૧૭થી ૨૧ જાન્યુઆરી ૨૦૨૨ સુધી આયોજીત કરવામાં આવશે. આને જાપાનના વડાપ્રધાનકિશિદા ફુમિયો સહિત કેટલકા રાષ્ટ્ર અધ્યક્ષો તરફથી સંબોધિત કરવામાં આવશે, જેમાં યૂરોપીય આયોગના અધ્યક્ષ ઉર્સુઆ વૉન કેર લેયેન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કૉટ મૉરિસન, ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ જોકો વિડોડો, ઈઝરાયલના પ્રધાનમંત્રી નફ્તાલી બેનેટ, ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સામેલ છે.

સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકારે રજુ કરેલો જવાબ

બળજબરીથી કોઈનું રસીકરણ નહી કરાય વેકસીન સર્ટીફીકેટ પણ આવશયક નથી

નવી દિલ્હી,તા. ૧૭ઃ દેશમાં કોરોના વાયરસ સામે શરૂ કરવામાં આવેલી રસીકરણ ઝુંબેશને ૧૬ જાન્યુઆરીએ એક વર્ષ પૂર્ણ કર્યું છે. આ સમયગાળામાં દેશભરમાં રસીના ૧૫૭ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારીકરવામાં આવેલી કોવિડ-૧૯ રસીકરણ માર્ગદર્શિકામાં કોઈ વ્યક્તિની સંમતિ વિના બળજબરીથી રસીકરણ કરવાની વાત કરવામાં આવી નથી.

વિકલાંગવ્યક્તિઓને રસીકરણ પ્રમાણપત્રો બતાવવાથી મુકિત આપવાના મુદ્દે કેન્દ્રએ કોર્ટને જણાવ્યું હતું કે તેમણે કોઈ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) જારી કરી નથી જે કોઈ પણ હેતુ માટે રસીકરણ પ્રમાણપત્રો લઈ જવું ફરજિયાત બનાવેછે. કેન્દ્રએ એનજીઓ ઈવારા ફાઉન્ડેશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં દાખલ કરેલા સોગંદનામામાં આ વાત કહી હતી. અરજીમાં વિકલાંગવ્યકિતઓને અગ્રતાના ધોરણે ઘરે-ઘરે જઈ રસીકરણ કરવાની વિનંતી કરવામાં આવી છે. એફિડેવિટમાં કહેવામાં આવ્યું છે કે, 'ભારત સરકાર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં સંબંધિત વ્યકિતની સંમતિ વિના બળજબરીથી રસીકરણની વાત કરવામાં આવી નથી.કેન્દ્રએ કહ્યું હતું કે, કોઈ પણ વ્યકિતને તેની સંમતિ વિના રસી આપીશકાય નહીં. કોવિડ-૧૯ માટે રસીકરણ ચાલી રહેલી મહામારીને ધ્યાનમાં રાખીને તમામ લોકોના હિતમાં છે તે રેખાંકિત કરતાં સરકારે જણાવ્યું હતું કે, 'વિવિધ પ્રિન્ટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા સલાહ, જાહેરાત અને માહિતી આપવામાં આવે છે કે તમામ નાગરિકોને રસી આપવી જોઈએ અને આ માટે સિસ્ટમ્સ અને પ્રક્રિયાઓ સરળ બનાવવામાં આવી છે. જો કે કોઈ પણ વ્યકિતને તેની ઈચ્છાવિરૂધ્ધ રસી આપવાની ફરજ પાડી શકાય નહી.'

પ્રજાસત્તાક પર્વની પરેડમાંથી બંગાળની ઝાંખી રદ થતાં મમતા બેનર્જી નારાજ

કોલકાતા,તા.૧૭ઃ આગામી તા. વર્ષે ૨૬ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં રાજપથ પર યોજાનાર વાર્ષિક પ્રજાસત્તાક દિન પરેડમાં બંગાળ રાજયના ટેબ્લોને સામેલ કરવામાં આવ્યો નથી. જેને કારણે રાજયનાં મુખ્યમંત્રી મમતા બેનરજી ખૂબ નારાજ થયાં છે અને વડાપ્રધાન મોદી તથા સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહને પત્ર લખીને વિરોધ દર્શાવ્યો છે. પત્રમાં મમતા બેનરજીએ પરેડમાં બંગાળનાં સ્વાતંત્ર્ય સેનાનીઓની ઝાંખીને સામેલ કરવાનો મોદીને અનુરોધ કર્યો છે. એમણે લખ્યું છે કે કેન્દ્ર સરકારે પ્રજાસત્તાક દિવસ માટેની પરેડમાં પશ્ચિમ બંગાળની ઝાંખીને સ્વીકૃતિ આપવાના કરેલા ઈન્કારથી મને આઘાત લાગ્યો છે અને દુઃખ પણ થયું છે, કારણ કે ઝાંખીના અસ્વીકારમાટે કોઈ કારણ આપવામાં આવ્યું નથી. આ વખતની ઝાંખીના થીમને દેશની આઝાદી માટે નેતાજી સુભાષચંદ્ર બોઝના બલિદાન તથા એમની ૧૨૫મી જન્મજયંતિને લક્ષમાં રાખવામાં આવ્યા છે.

ભારતીય ગૃહિણીઓ પરીવાર માટે દર મહિને રૂા.૪૦ હજાર કરોડનો ભોગ આપે છે

મુંબઈ તા. ૧૭ : ભારત સહિત વિશ્વની તમામ મહિલાઓ દરરોજ એ પ્રશ્ન સામે લડતી હોય છે કે તેમના ઘરકામને એટલું માન કેમ નથી મળતું જેટલું પુરૂષોના કામને મળે છે. યુરોપના તમામ દેશોમાં હવે આ માંગ જોર પકડવા લાગી છે. એક ગૃહિણીના રૂપમાં મહિલાઓના કામના કલાકો પુરૂષોની સરખામણીમાં અનેકગણા વધારે હોય છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન ૨૦૨૧ના રિપોર્ટ અનુસાર, વિશ્વમાં મહિલાઓ અવેતનીક ઘરેલું કામો માટે કુલ કલાકોના ૭૬ ટકા જેટલો સમય આપે છે જે પુરૂષોની સરખામણીમાં ત્રણ ગણો છે. એશીયા અને પ્રશાંત ક્ષેત્રમાં આ આંકડો ૮૦ ટકાથી પણ વધારે છે. ભારતમાં લગભગ ૨૦ કરોડ મહિલાઓ દર મહિને અવેતનીક ઘરકામ કરીને સરેરાશ ૪૦ હજાર કરોડ રૂપિયાનો ભોગ પરિવારને આપે છે.

ભારતમાં નેશનલ સ્ટેટેટીકલ ઓફિસ (એનએસઓ) ૨૦૨૦ના ટાઈમ યુઝ સર્વે અનુસાર શહેરી મહિલાઓ ઘરકામ માટે ૨૯૩ મીનીટ વાપરે છે. જ્યારે પૂરૂષો ફકત ૯૪ મીનીટ જ આપે છે, જયારે ગ્રામીણ મહિલાઓની ૩૦૧ મીનીટ સામે પુરૂષો ૯૮ મીનીટ આપે છે.

ભારતીય ગૃહિણીઓનો આક્ષેપ છે કે, ઘરના કામને સામાન્ય કેમ ગણવામાં આવે છે. જો કયારેક સહયોગ માંગે તો પણ જવાબ મળે છે તેમ કરો છો શું ? આ કામ તો મમ્મી પણ કરતી હતી તેમણે તો કયારેય મદદ નહોતી માંગી. જોઘરનું કામ સામાન્ય જ હોય તો પુરૂષ અઠવાડિયામાં એક દિવસ જ આ કામ કરી બતાવે તો કદાચ તેમના વિચારો બદલાઈ જશે.

એક અનુમાન અનુસાર શહેરમાં સરેરાશ મધ્યમ પરિવારની ભણેલી ગણેલી ગૃહિણી જમવાનું બનાવવાનું, કપડા ધોવાનું, સાફ સફાઈ, બાળકોને ભણાવવા, વડીલો અને ઘરના સભ્યોની દેખભાળ ઉપરાંત ઘરના અન્ય કામ કરે તો તે ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની હક્કદાર છે. તો મેટ્રો શહેરોની મહિલાઓ આ કામ મહિને ૩૦ થી ૪૦ હજાર રૂપિયાનું કરે છે.

આગામી માર્ચથી ૧૨ થી ૧૪ વર્ષનાં બાળકોનું વેકસીનેશન

નવી દિલ્હી તા. ૧૭ : દેશમાં જેમ કે કોરોના અને તેના નવા વેરિયન્ટ ઓમિક્રોનના કેસ વધી રહ્યા છે. તેમ તેમ કેન્દ્ર અને રાજ્યો વેકસીનેશનની પ્રક્રિયા પણ વેગવંતી કરી રહ્યા છે. હાલ દેશમાં ૧૫ થી ૧૭વર્ષના બાળકોને રસી આપવાનું ચાલુ છે. એ દરમ્યાન હવે એવું બહાર આવ્યું છે કે, આગામી માર્ચથી ૧૨-૧૪ વર્ષના બાળકોને રસી આપવાનું શરૂ થશે.

ફેબ્રુઆરીના અંત અને માર્ચની શરૂઆત સાથે દેશમાં ૧૨-૧૪ વય જૂથના બાળકો માટે કોવિડ રસીકરણ કાર્યક્રમ શરૂ થવાની તૈયારીમાં છે. તેમજ ઈમ્યુનાઈઝેશન ઉપરના નેશનલ ટેકિનકલ એડવાઈઝરી ગ્રુપના અધ્યક્ષ ડો. એન કે અરોરાએ જણાવ્યું હતું. કિશોરો માટેનો રસીકરણ પ્રોગ્રામ સમગ્ર દેશમાં ખૂબ જ પ્રભાવશાળી પ્રગતિ કરી રહ્યો છે. ૧૫ થી ૧૭ વર્ષની વયના કુલ ૩.૩૧ કરોડ બાળકોએ તેમનો પ્રથમ ડોઝ મેળવી લીધો છે, જે આ વર્ષે ૩ જાન્યુઆરીના રોજ રસીકરણ પ્રોગ્રામ શરૂ થયાના માત્ર ૧૩ દિવસમાં લગભગ ૪૫ ટકા કવરેજ ધરાવે છે.

શાળાકીય પાઠયક્રમનું માળખું બદલવા તૈયારી

૧૦+૨ની જગ્યાએ ૫+૩+૩+૪ની નવી પેટર્ન આવશે

નવી દિલ્હી તા. ૧૭ : નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ દ્વારા શાળાકીય શિક્ષણના માળખામાં ફેરફારની જે ભલામણો કરાઈ હતી તેના ઉપર ઝડપથી અમલ શરૂ થઈ ગયો છે. તેમાં જે મહત્વનો ફેરફાર છે, તે શાળાના પાઠયક્રમને ૧૦+ ૨ની પેટર્નમાંથી કાઢીને ૫ +૩+ ૩+૪ની પેટર્નમાં લઈ જવાનો છે. શિક્ષણ મંત્રાલયે આ કામમાં વધારે મોડુ ના કરતા તેને આ વર્ષે પુર્ણ કરવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. આના માટે રચાયેલી ટીમને ઝડપભેર આ દિશામાં કામ આગળ વધારવાના નિર્દેશ આપ્યા છે. શિક્ષણ મંત્રાલયે આની સાથે જ શાળાના પાઠયક્રમને નવેસરથી રચવા પર પણ ભાર મુકયો છે જેનાથી શાળાઓમાં ગોખણીયા જ્ઞાનનો સમગ્ર ખેલ ખતમ થઈ જશે. સાથે જ એવા પાઠયક્રમનો વિકાસ કરાશે જેમાં શીખવાની સમગ્ર પ્રક્રિયા હોય.

મંત્રાલયે નેશનલ ક્યુરીક્યુલમ ફ્રેમવર્ક માટે જે નિષ્ણાંતોની ટીમ બનાવી છે તેના નેતા ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ અને દેશના સીનીયર વૈજ્ઞાનિક કે કસ્તુરીરંગનને બનાવ્યા છે. આ એ જ કસ્તુરીરંગન છે જેમની આગેવાનીમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પણ તૈયાર કરાઈ છે.

CONSTABLE / PSI
ની રેગ્યુલર બેચ ચાલુ થઈ ગઈ છે
ફકત જૂજ સીટ બાકી જોડાવા માટે આજે જ સંપર્ક કરો
નામાંકિત તથા સ્પર્ધાત્મક પરીક્ષાનાં અનુભવી શિક્ષકોની ટીમ
● નવા અભ્યાસક્રમ પ્રમાણેનું મટીરીયલ્સ
● લાયબ્રેરીની સુવિધા
● હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
મંગલમ્ એકેડેમી - જૂનાગઢ
Mo. 91041 88188 / 88661 68261

દર મહિને રૂપિયા ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ કમાવો
મોબાઈલમાં ઓનલાઈન
+91 91732 36427
2Captcha
નો ટાર્ગેટ, નો એકયુરેસી, નો વર્ક ટાઈમ લીમીટ
દર ૧૫-દિવસે પેમેન્ટ ચુકવવામાં આવશે.
પહેલો માળ, આશિવાદ કોમ્પ્લેક્ષ, જયશ્રી રોડ, જુનાગઢ.
રજીસ્ટ્રેશન માટે રૂબરૂ મળો.

Kaneriya Oil Industries
ISO 22000 : 2005 Certified
નવી મગફળીનું તાજું તેલ
Since 1979
સૌરાષ્ટ્રની કસદાર જમીનમાં ઊગતી ઉચ્ચ ગુણવત્તાયુક્ત મગફળીમાંથી બને છે
કોઈપણ પ્રકારના કેમિકલ પ્રોસેસીંગ વગર બનાવવામાં આવતું નેચરલ ઓઈલ
કોલેસ્ટેરોલ રહિત હૃદયને રાખે સ્વસ્થ
વિટામિન A અને D થી ભરપૂર
MUFA નું ઉચ્ચ પ્રમાણ ગુડ કોલેસ્ટેરોલ (HDL) વધારે અને બેડ કોલેસ્ટેરોલ (LDL) ઘટાડે
એન્ટિઓકિસડન્ટ વિટામિન E નો સારો સ્ત્રોત
૧૦૦% શુદ્ધ
ISO ૨૨૦૦૦ : ૨૦૦૫ ફૂડ સેફ્ટી મેનેજમેન્ટ ધરાવતી કંપની

જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ; રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036
અમારા અન્ય પ્રિમીયમ એડીબલ ઓઈલ્સ : કપાસિયા • સનફ્લાવર • કોર્ન • સોયાબીન
આપની નજીકના દરેક અગ્રગણ્ય સ્ટોર્સમાં ઉપલબ્ધ. www.ranioil.com | /ranioils

સમાચાર રાઉન્ડ અપ

- કોરોના વાયરસનો સંપૂર્ણ અંત આવશે નહી, પરંતુ તેની સારવાર કેવી રીતે કરવી અને પોતાને કેવી રીતે સુરક્ષિત રાખવા તે શીખવું પડશે : WHO
- વિશ્વમાં ભારત સોનાનું સૌથી મોટુ આયાતકાર : ચાલુ નાણાંકીય વર્ષનાં પ્રથમ ૯ મહિનામાં દેશની સોનાની આયાત ૩૮ અબજ ડોલરને વટાવી ગઈ
- સમાજવાદી પાર્ટીનાં બે એમએલસી ભાજપમાં જોડાયા
- પદ્મવિભૂષણ સુપ્રસિધ્ધ કથ્થાક સમ્રાટ પંડિત બિરજુ મહારાજનું હૃદયરોગનાં હુમલાથી નિધન
- દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનાં ૨,૫૮,૩૮૫ કેસ નોંધાયા : મૃત્યુ ૩૮૫ : ઓમીક્રોનનાં કેસ ૮૦૦૦ને પાર
- આગામી ૧૫દિવસમાં કોરોના વાયરસનાં કેસમાં ઘટાડો થશે : પીકમાં હોસ્પીટલો હાઉસફુલ નહી થાય
- ઉત્તરાખંડમાં રાજકીય ભુકંપ ભાજપનાં કેબીનેટ મંત્રી હરકસિંહ રાવતની પક્ષમાંથી ૬ વર્ષ માટે હકાલપટ્ટી

સુગર ફ્રી, શુધ્ધ ઘીનાં ડ્રાયફ્રુટ અડદીયા
જગદિશ બુધ્ધદેવ મો.૯૮૨૪૩ ૮૮૧૫૮
દિનેશ બુધ્ધદેવ મો.૯૮૭૯૯ ૨૭૬૦૫
વિજય બુધ્ધદેવ મો.૯૯૯૮૧ ૯૫૯૮૧

આપના ઓર્ડર મુજબ મિઠાઈ તથા ફરસાણ બનાવી આપશું
ભાટીયા ધર્મશાળા રોડ, જૂનાગઢ. ફોન : ૨૬૨૨૧૯૪

સૌરાષ્ટ્રનો નં.૧ સીલીન્ડર રી-ટેસ્ટીંગ પ્લાન્ટ

યશ ઓટો ગેસ
મો.૯૮૯૮૪ ૪૮૬૪૪
ઝાંઝરડા બાયપાસ ચોકડી, LPG પંપની પાછળ, જૂનાગઢ

ફ્રી...ફ્રી... ફ્રી... ફ્રી...

સાઉદી અરેબીયા - દુબઈ માટે વર્કર તાત્કાલીક જોઈએ છે
કડીયાકામ, સુથારી કામ, દરજી કામ, પાર્લર, વેલ્ડર ગેરેજ, મીકેનીક, એન્જીનીયર, ડ્રાઈવર, વેઈટર, રસોયા અને ઘરકામ કરી શકે તેવી બહેનો - ભાઈઓની જરૂર છે
કંપની તરફથી વિઝા અને ટિકીટ તદન ફ્રી છે ફકત રજીસ્ટ્રેશન ચાર્જ રૂા.૫૦૦૦ લેવામાં આવશે
નોંધ : ફ્રેશર પણ ચાલશે, મોલમાં કામ કરી શકે તેની જરૂર છે.
આજે જ સંપર્ક સાધો
કોન્ટેકટ : ૯૧૭૩૨ ૩૬૪૨૭

તમામ પ્રકારનાં ગેસ વેલ્ડીંગ, મેડીકલ ઓકસીજન, વેલ્ડીંગ રોડ, ટુલ્સ, એલપીજી ગેસ અને એસેસરીઝ
હોલસેલ પણ મળશે

ભણેલા માણસોની જરૂરત છે
ઉમા ટ્રેડર્સ
રીલાયન્સ પેટ્રોલ પંપ સામે, દોલતપરા, જૂનાગઢ
રાકેશ અગ્રવાલ : ૦૨૮૫-૨૬૬૧૦૧૮ - ૯૮૯૮૧ ૮૬૨૧૯

કોરાનાનાં વધતા કહેર વચ્ચે

દ્વારકાધીશનું જંગતમંદિર, બેટદ્વારકાનું દ્વારકાધીશ મંદિર આજથી સાત દિવસ સુધી ભાવિકો માટે બંધ રહેશે

(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા. ૧૭

હાલમાં સમગ્ર ભારત દેશમાં કોરોનાની ત્રીજી લહેરનાં કારણે રોજનાં લાખો કેસો નોંધાયા છે ત્યારે યાત્રાધામ દ્વારકામાં બહારથી આવતા યાત્રિકોને કારણે સંક્રમણ ફેલાવાથી આ વિસ્તારમાં કોરોનાના કેસો મોટી સંખ્યામાં આવે છે ત્યારે દેવભૂમિ દ્વારકા જીલ્લાનાં એમ.એ. પંડયા સહીત વહીવટી તંત્રનાં અધિકારીઓ પરિસ્થિતિની સમીક્ષા કરેલ હતી. જેના અનુસંધાને જગત મંદિરમાં વધતી જતી યાત્રિકોને કારણે સંક્રમણ ફેલાતું હોય તેવા સંજોગોમાં આજે પોષી પૂનમ હોય જેથી જગત મંદિરમાં પૂનમ તથા અમાસને કારણે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડતા હોય જેની કોરોનાનો વ્યાપ ન વધે તેના ભાગરૂપે આજ તા. ૧૭-૧-૨૨ થી ૨૩-૧-૨૨ સાત દિવસ સુધી જગત મંદિર બંધ કરવાનો નિર્ણય વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવેલ છે. આ ઉપરાંત બેટદ્વારકાનું દ્વારકાધીશ મંદિર પણ એક સપ્તાહ માટે ભાવિકો માટે બંધ રાખવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવેલ છે.

જૂનાગઢ સિવિલના તબીબી અધિક્ષક સુશીલકુમારનું વિવિધ સંસ્થાઓ દ્વારા બહુમાન કરાયું

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ મહાનગરમાં આવેલ જી.એમ. ઈ.આર.એસ. હોસ્પિટલના તબીબી અધિક્ષક સુશીલકુમાર નરસૈયાની નગરીને પોતાની કર્મ ભૂમિ બનાવી ઘણા સમયથી જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે પોતાની ફરજ બજાવી રહેલ છે. દરમ્યાન કોરોના કાળમાં શ્રેષ્ઠ કામગીરી બજાવનારનું જૂનાગઢની વિવિધ સંસ્થાઓ દ્વારા શાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી બહુમાન કરવામાં આવેલ હતું. જેમાંકોમીએકતારાષ્ટ્રીય એકતાસમિતિના બટુકભાઈ મકવાણા, સિનિયર પત્રકાર એસ.આઈ. બુખારી, જિશાન હાલેપોત્રા એડવોકેટ, સર્કલ ચોક ગરબી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ મણિયાર, સંજરી સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ વહાબભાઈ કુરેશી, કોળી સમાજના પ્રમુખ કે.ડી. સગારકા, મધુર સોશ્યલ ગ્રુપના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી, અલ હરમ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ સોહેલ સિદીકી ઉપરાંત વિજય ચુડાસમા સહિતના હાજર રહેલ હતાં.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા વધુ એક મોબાઈલ શોધી અપાયો

જૂનાગઢ તા.૧૭

અંકિત સંજયભાઈ સોંદરવા આઝાદ ચોક જૂનાગઢ ખાતે રહેતા હોય અને તા.૨૭/૧૨/૨૦૨૧ના રોજ જૂનાગઢ ટીબાવાડીથી બીલખા રોડ તરફ પોતાની મો.સા.માં જતા હતા, બિલખા ગેઈટ પસાર થયા બાદ તેમને માલુમ થયેલ કે તેમના શર્ટના ખીસ્સામાં રહેલ **One Plus** કંપનીનો **7 Pro** મોબાઈલ ફોન કોઈ જગ્યાએ પડી ગયેલ છે, જેની કિંમત રૂા.૩૮,૦૦૦/- છે. ઉક્ત મોબાઈલ ફોન તેમના પિતાએ પરસેવાની કમાણીથી પાઈપાઈ ભેગી કરી ગીફ્ટ આપેલ હોય, જે મોબાઈલ ફોન ભવિષ્યમાં મળવો મુશ્કેલ હોય, તે અને તેમના મીત્રો વ્યથિત થઈ ગયેલ હતા. અંકિતદ્વારા આ બાબતની જાણ જૂનાગઢ જીલ્લાના સી ડીવીઝન પો.સ્ટે.ના પી.એસ.આઈ. જે.જે.ગઢવીને કરતા સી ડીવીઝન પી.એસ.આઈ. દ્વારા નેત્રમ શાખાના(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ. મશરૂને માહિતી મોકલતા નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને સી ડીવીઝન પો.સ્ટે. દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને

પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝન ના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેના પી.એસ.આઈ પી.એચ.મશરૂ, પો.કો. અશોકભાઈ રામ, જીવાભાઈ ગાંગણા, એન્જીનીયર મસઉદ અલીખાન પઠાણ સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી અંકિત જે સ્થળથી પસાર થયેલ તે સમગ્ર રૂટના વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી ફૂટેજ ચેક કરતા સીસીટીવી કેમેરામાં અંકિત તેમના વાહન ડ્રીમ યુગા રજી. નં. જીજે-૧૧-બીએન-૦૭૨૪ દ્વારા ટીબાવાડી, અક્ષરમંદિર, મોતીબાગ, કાલરીયા સ્કૂલ, ભૂતનાથ ફાટક, રામનીવાસ સર્કલથી બિલખા ગેઈટ તરફ જતા હોવાનું શોધી કાઢેલ હતું. ૪ કી.મી.ના રૂટમાં મોબાઈલ ફોન ક્યા પડી ગયેલ છે ? તે શોધવું પડકારજનક હતું. નેત્રમ શાખાના અથાગપ્રયત્નના અંતે અંકિતતેમના વાહન ડ્રીમયુગા રજી. નં જીજે-૧૧-બીએન-૦૭૨૪ માં બિલખા ગેઈટથી પસાર થતા સમયે તેમના ખીસ્સામાંથી કોઈ વસ્તુ પડતી હોય તેવું સીસીટીવી ફૂટેજમાં જાણવા મળેલ હતું. તે ફૂટેજને ઝૂમ કરતા તે મોબાઈલ જ પડી ગયેલ છે, તે સ્પષ્ટ દેખાયેલ હતું. આગળના ફૂટેજની ચકાસણી કરતા તે મોબાઈલ ફોન ઓટો રીક્ષા ચાલક દ્વારા કોઈનું ધ્યાન ના પડે તેમ લઈ લેવામાં આવે છે. સીસીટીવી ફૂટેજ દ્વારા તે ઓટો રીક્ષાનો નંબર જીજે-૦૭-વીવી-૪૪૫૦ શોધી કાઢવામાં આવેલ હતી. તે ઓટો રીક્ષાના નંબરની માહિતી આધારે સી ડીવીઝન પો.સ્ટે.ના પી.એસ.આઈ જે.જે.ગઢવી, પો.કો. ચેતનસિંહ સોલંકી, કરણસીંહ ઝણકાત, ઈન્દ્રજીતસિંહ ઝાલા દ્વારા રીક્ષા ચાલક આરીફ આમદ સીડા હોવાનું શોધી કાઢવામાં આવેલ હતું. રીક્ષા ચાલકને પોલીસની ભાષામાં પૂછપરછ કરતા તેમને ઉક્ત મોબાઈલ ફોન ધ્યાને આવતા પોતે લઈ લીધેલ હોવાનું જણાવેલ હતું.

આજના યુગમાં માણસો પ્રામાણિકતા દાખવી, અન્ય વ્યક્તિનો મળેલો સામાન પરતઆપે છે, તેવા સમયે રીક્ષા ચાલક આરીફ આમદ સીડાની દાનત બાબતે જૂનાગઢ પોલીસ દ્વારા ઠપકો પણ આપેલ હતો. જૂનાગઢ પોલીસ દ્વારા અંકિત સોંદરવાનો રૂા.૩૮,૦૦૦/-ની કિંમતનો **One Plus** કંપનીનો **7 Pro** મોબાઈલ ફોન સહી સલામત પરત કરેલ હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પોતાનો **One Plus** કંપનીનો **7 Pro** મોબાઈલ ફોન સહિસલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સંવેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને અંકિત સોંદરવાએ જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યોહતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) અને સી ડીવીઝન પોલીસ ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા અંકિત સોંદરવાનો રૂા.૩૮,૦૦૦/-ની કિંમતનો ગુમ થયેલ મોબાઈલ ફોન સહીસલામત પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઇન્સ્ટોલ કરેલ સીસીટીવી કેમેરા દ્વારા રૂા.૧૭,૦૦૦ની કિંમતનું ખોવાયેલ સેમસંગ કંપનીનું ટેબ્લેટ શોધી કાઢતી પોલીસ

જૂનાગઢ તા.૧૭

રૂત્વીક ગીરીશભાઈ નંદાણીયા જૂનાગઢ ખાતે રહેતા હોય અને આઈસીઆઈસીઆઈ બેંકમાં નોકરી કરતા હોય, તા.૩૧-૧૨-૨૦૨૧ના રોજ જેતપુરથી જૂનાગઢ આવવા માટે ખાનગી બસમાં બેઠેલ હતા. બસમાંથી ઉતર્યા બાદ તેમને માલુમ થયેલ કે તેમનું બેગ તે બસમાં ભુલાઈ ગયેલ છે, જે બેગમાં સેમસંગ કંપનીનું ટેબ્લેટ જેની કિંમત રૂા. ૧૭,૦૦૦/- હોય તથા બેંકના એકાઉન્ટ ખોલવા માટેના ફોર્મ હોય, ઉક્ત ટેબ્લેટ પોતાએ પરસેવાની કમાણીથી પાઈપાઈ ભેગી કરીખરીદેલ હોય, જે ટેબ્લેટ ભવિષ્યમાં મળવું મુશ્કેલ હોય, રૂત્વીક અને તેમના મીત્રો વ્યથિત થઈ ગયેલ હતા. રૂત્વીક દ્વારા આ બાબતની જાણ જીલ્લાના નેત્રમ શાખાના(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) પી.એસ.આઈ. પી.એચ. મશરૂને કરતા નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જૂનાગઢ રેન્જના ડીઆઈજી મનીંદર પ્રતાપસિંહ પવાર તથા જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા જૂનાગઢ જીલ્લાના તમામ થાણા અમલદારોને પ્રજા સાથે સોહાર્દપૂર્ણ વર્તન કરી, મદદરૂપ થવા તેમજ પોલીસ સ્ટેશન ખાતે મદદ માટે આવતા લોકોને શક્ય તે મદદ કરી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને સાર્થક કરવા તમામ પ્રયત્નો કરવા ખાસ સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેના પી.એસ.આઈ પી.એચ. મશરૂ, પો.કો. વિક્રમભાઈ જીલાડીયા, એન્જીનીયર પાર્થ ભલાણી, નિતલબેન મહેતા સહિતની ટીમ દ્વારા જહેમત ઉઠાવી, રૂત્વીક જે બસમાં બેઠેલ તે બસની વિગત આધારે વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ઈન્સ્ટોલ કરવામાં આવેલ સીસીટીવી કેમેરાના ફૂટેજ દ્વારા બસના નંબર જીજે-૦૩-ડબલ્યુ-૯૭૨૮ શોધી કાઢેલ. તે બસના નંબર આધારે બસ ચાલકને શોધી કાઢવામાં આવેલ હતો અને બસ ચાલકને પૂછપરછ કરતા તેમની બસમાં કોઈ પેસેન્જર પોતાનું બેગ ભૂલી ગયાનું જણાવેલ હતું. નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ખાતેના પી.એસ.આઈ પી.એચ. મશરૂ તથા સ્ટાફ દ્વારા રૂત્વીક નંદાણીયાનું બેગ કે જેમાં રૂા.૧૭,૦૦૦/-ની કિંમતનું સેમસંગ કંપનીનું ટેબ્લેટ હતું તે બેગ સહી સલામત પરત કરેલ હતું. જૂનાગઢ પોલીસ દ્વારા રૂા.૧૭,૦૦૦/-ની કિંમતનું ટેબ્લેટ સહિસલામત પરત અપાવવા માટે કરેલ તાત્કાલિક સંવેદનપૂર્ણ કાર્યવાહીથી પ્રભાવિત થઈને રૂત્વીક નંદાણીયાએ જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા રવિ તેજા વાશમ સેટ્ટી દ્વારા પણ પ્રજા સાથે સંવેદના પૂર્ણ કાર્યવાહી કરવા બદલ જીલ્લા નેત્રમ શાખા(કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર) ટીમને અભિનંદન આપેલ હતા. આમ, જૂનાગઢ પોલીસ દ્વારા ગણતરીની મિનિટોમાં રૂત્વીક નંદાણીયાનું રૂા.૧૭,૦૦૦/-ની કિંમતનું ટેબ્લેટ સહીસલામત પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાનો મિત્ર છે, એ સૂત્રને ફરીવાર સાર્થક કરવામાં આવેલ છે.

મેંદરડાનાં નાગલપુર ગામે ટ્રોલી અને ટ્રેકટરની થયેલ ચોરી

જૂનાગઢ તા. ૧૭

મેંદરડા તાલુકાનાં નાગલપુર ગામની સીમમાંથી ટ્રેકટર અને ટ્રોલીની ચોરી થયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે. આ બનાવ અંગે નાગલપુર ગામનાં ગોવિંદભાઈ વિક્રમભાઈ કાંબલીયા (ઉ.વ.૪૫)એ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે જેમાં જણાવેલ છે કે શોભાવડલા ગીર ગામનો રામકુભાઈ વિહાભાઈ વાળા ફરીયાદીનું મેસી કંપનીનું ટ્રેકટર નં. જીજે-૧૧ બીએચ-૨૯૨૪નું રૂા.૫,૫૦,૦૦૦ તથા શ્રીરામ એગ્રો કંપનીનું ટ્રેલર નં. ૪૬૪૫નું ટ્રેકટર સાથે ટ્રોલીમળી કુલ રૂા. ૭ લાખનાં મુદામાલની આરોપીએ ફરીયાદીનાં ખેતરેથી ચોરી કરી લઈ ગયા હોવા અંગે ફરીયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સરકાર દ્વારા ૨૫ ટકા ફી માફીનો પરિપત્ર ન થતા સ્કૂલોએ પુરી ફી વસૂલી લીધી, વાલીઓમાં રોષ

અમદાવાદ તા.૧૭

ગુજરાત રાજયનાં પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ૨૫ ટકા ફી માફીનો અમલ ચાલું રાખવાની જાહેરાત કરાયા બાદ હજુ સુધી સત્તાવાર રીતે ફી માફી અંગેનો પરિપત્ર કરવામાં આવ્યો ન હોય તમામ વાલીઓને ચાલું વર્ષની પુરેપુરી ફી ભરવાનો વારો આવ્યો છે. મોટાભાગની સ્કૂલોએ વાલીઓ પાસેથી ચાલું વર્ષની પુરી ફી ઉઘરાવી લીધી હોવાનું પણ જાણવા મળે છે. જેથી આ વર્ષે વાલીઓને ફી માફી મળે તેની ઉપર પુર્ણ વિરામ મુકાયું હોવાનું સૂત્ર જણાવી રહ્યા છે. કોરોનાનાં લીધે ચાલું વર્ષે પ્રાથમિક વિભાગમાં તો મોટાભાગે ઓનલાઈન શિક્ષણ જ ચાલું રહ્યું હતું, તેમ છતાં ફી માફીનો લાભ અપાયો નથી. આમ ચાલું વર્ષે ૨૫ ટકાફી માફીનો પરિપત્ર કરવામાં આવ્યો ન હોવાથી સ્કૂલોએ પુરી ફી વસૂલી છે અને વાલીઓને ફી માફીની કોઈ જ રાહત મળી ન હોય આક્રોશ જોવા મળી રહ્યો છે.

જૂનાગઢ શહેરમાં ૪૪ અને જીલ્લાનાં ૮ મળી કુલ પર કેસ નોંધાયા

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સહિત રાજયભરમાં કોરોનાનાં કેસોનું સતત સંક્રમણ વધી રહયું છે. ગઈકાલનાં દિવસે જૂનાગઢ શહેરમાં ૪૪ જૂનાગઢ તાલુકા-૨, કેશોદ-૨, વંથલી-૪ મળી કુલ પર કેસ નોંધાયા છે જેની સામે રીકવરી રેટ ૪૯ ટકાએ પહોંચ્યો છે. ગઈકાલે અગાઉ નોંધાયેલા દર્દીઓમાંથી ૪૯ દર્દી ડીસ્ચાર્જ થયા હતા. તબિબોનાં જણાવ્યા અનુસાર ત્રીજી લહેરમાં બીજી લહેર જેવી સ્થિતિ સર્જાશે નહી. દર્દીઓને ભાગ્યેજ ઓકસીજન કે વેન્ટીલેટરની જરૂર પડશે બાકી હોમ આઈસોલેશનમાં જ રીકવરી આવી જશે તેવું મંતવ્ય આપી રહયા છે. જૂનાગઢ સિવિલમાં પણ માત્ર એક જ દર્દી સારવાર હેઠળ છે.

સોમનાથ દાદાનાં મંદિરમાં હજુય સંભળાય છે, કથક સમ્રાટ બિરજુ મહારાજનાં ઘુંઘરૂનો અવાજ અને પગની થાપ

(મિનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)
પ્રભાસ-પાટણ તા. ૧૭

દેશ-વિશ્વનાં સુપ્રસિધ્ધ કથક નૃત્યકાર અને રાષ્ટ્રીય સન્માન યજ્ઞાભુષણ એવા બિરજુ મહારાજનું આજે નિધન થયું તેની યાદો ભારતનાં બાર જયોર્તિલીંગ પ્રથમ સોમનાથ મહાદેવ મંદિર સાથે પણ જોડાયેલી છે. સોમનાથ ટ્રસ્ટનાં પૂર્વ જનરલ મેનેજર કમલેશ રાવલ કહે છે, વિખ્યાત કથક ડાન્સર પ્રભાસનાં સોમનાથ મંદિરે વર્ષો પહેલા આવી ગયેલ છે જયાં તેમણે સોમનાથ મહાદેવનાં દર્શન કરી અલૌકિક દિવ્ય અનુભૂતી મેળવી અને મંદિરનાં નૃત્ય મંડપનું રસપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ સોમનાથ મંદિરનાં કીર્તન હોલમાં કૃષ્ણભકિતનાં વિવિધ પદો સ્વર સંગાથે વિવિધ ભાવમુદ્રામાં નૃત્ય કરી, શિવ-શ્રી કૃષ્ણ ભકતોને રસતરબોળ કર્યા હતા. સોમનાથનાં જ સંગીત-કલા ગુણપારખું શાસ્ત્રી માર્કંડભાઈ પાઠક કહે છે, સોમનાથ સંકીર્તન હોલમાં યોજાયેલ શિવ સાનિધ્યે નૃત્યાભિષેક કાર્યક્રમમાં હું પણ હાજર હતો. તેને રજુ કરેલ ઠુમરી-દાદરા અને ખૂબ જ પ્રસિધ્ધ રચના કાહે મોહે છેડે અને નૃત્ય વખતે ચહેરાનાં વિવિધ હુબહુ હાવભાવ મુદ્રા જોવી અને સાંભળવી અમારે માટે ધન્યતા હતી. સોમનાથ મંદિરે કથક સમ્રાટ બિરજુ મહારાજે કરેલ નૃત્ય ભકિત તેનાં પગની થાય ઝણકટ-ઝણકટ ઘુંઘરૂની લય સાથે થીરકતા પગ અને શિષ્યવૃંન્દોનો સ્વર સંગાથ આજે પણ મંદિરની યાદો સાથે યાદગાર બની રહેશે.

કેન્દ્રીયમંત્રી આઠવલેએ ફરી એકવાર પાટીદાર અનામતનો મુદ્દો છેડી વિવાદ ઉભો કર્યો

ગાંધીનગર તા.૧૭

ગુજરાતનીટુંકી મુલાકાતેઆવેલ કેન્દ્રીય મંત્રી આઠવલેએ ફરી એકવાર પાટીદાર અનામતનો મુદ્દો છેડયો હતો. તેમણે જણાવ્યું હતું કે, પાટીદારોને ઓબીસીમાં લેવા કે નહી તેનાં અધિકારો રાજયોને આપવામાં આવ્યા છે. તે અંગે રાજય સરકારોએ જ નિર્ણય લેવાના છે. આ સાથે તેમણે જાતિ આધારીત વસ્તી ગણતરીને ગેરવાજબી ઠરાવતા કહ્યું હતું કે, તેનાથી જાતિવાદ વધશે. કેન્દ્ર સરકારનાં સામાજીક ન્યાય અને અધિકારીતા રાજય મંત્રી રામદાસ આઠવલેએ કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લીધા પછી વડોદરામાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તે પછી તેમણે દાદા સાહેબ ફાળકેનાં નામ સાથે સંકળાયેલી સંસ્થા આયોજીત કાર્યક્રમમાં ગ્લોબલ યુથ આઈકોન એવોડર્સનું વિતરણ કર્યું હતું. રામદાસ આઠવલેએ જણાવ્યું હતું કે, પાટીદારોને ઓબીસીમાં લેવા કે નહી તેનાં અધિકાર રાજયોને આપ્યા છે. ગુજરાત સરકારને વિનંતી છે કે, પાટીદારોનો ઓબીસીમાં સમાવેશ કરવાનો નિર્ણય જલ્દીથી લે.

સોમનાથ નજીક સમુદ્ર કિનારે રેતશિલ્પ મહોત્સવનો પ્રારંભ

કલાત્મક રેત શિલ્પ નિહાળી સહેલાણીઓ અભિભૂત

વેરાવળ તા. ૧૭

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર નજીક ચોપાટી ઉપર સમુદ્ર કિનારે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત રેતશિલ્પ મહોત્સવનો પ્રારંભ થયો છે. આ રેતશિલ્પ મહોત્સમાં કલા નિપુણ કલાકારો દ્વારા આકર્ષક રેતશિલ્પ નિહાળી સહેલાણીઓ અભિભૂત થયા છે. આ રેતશિલ્પોનો માધ્યમથી પ્લાસ્ટિક મુક્ત ભારત, વેકસીનેશન અભિયાન, કોરોના સામે જાગૃતિ, સહિતના સામાજિક જાગૃતિના સંદેશ આપવામાં આવ્યાં છે. સાથે જ સૈન્ય દિવસની ઉજવણી ઉપર વીર સૈનિકો અને સરદાર પટેલના પણ રેતશિલ્પનું નિર્માણ કરાયું હતું. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી અને જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી, ગીર સોમનાથ દ્વારા આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે તેમ એકયાદીમાં જણાવાયું છે.

બાળકોએ કાતિલ ઠંડી વચ્ચે ગિરનાર પર્વતમાળામાં ૨૧૦૦ ફૂટની ઉંચાઈએ આવેલો જોગણીયો ડુંગર સર કર્યો

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢમાં ગિરનારની પર્વતમાળા સાથે જોડાયેલ જોગણીયો ડુંગર અને લક્ષ્મણ ટેકરીએ બાળકોએ ૨૧૦૦ ફૂટની ઉંચાઈએ ચઢાણ કરીને દીપડાની ગુફાઓ નિહાળી, ટ્રેકિંગ, રિવર ક્રોસિંગ કરીને પ્રકૃતિની સાથે સમય વિતાવ્યો હતો. જૂનાગઢની હોલીડે એડવેન્ચર ગ્રુપ દ્વારા આ વર્ષનો આજે બીજો કેમ્પ યોજવામાં આવ્યો હતો. વર્ષોથી તેમનાં દ્વારા પર્વત ચઢાણ, ટ્રેકિંગ સહિતની પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે, રવિવારે સવારે ૭ ડિગ્રી કડકડતી ઠંડીમાં ૮ થી ૪૦ વર્ષનાં ૬૦

લોકો દામોદર કુંડ ખાતે એકઠા થયા હતા અને બે ગ્રુપમાં લક્ષ્મણ ટેકરી અને જોગણીયો ડુંગર સર કરવા ચઢાણ કર્યું હતું. દોઢેક કલાકમાં બાળકો છેકર ૨૧૦૦ ફૂટની ઉંચાઈએ પત્થરોની વચ્ચે ચડીને ઉપર સુધી પહોંચ્યા હતા. એડવેન્ચર ગ્રુપનાં હેડ કલ્પેશ સાંખલા સહિતનાં ૧૦ જેટલા ટીચરોએ બાળકોને ટેકરી ઉપર ટ્રેકિંગ, બર્ડ વોચિંગ, રોક કલાઈમ્બિંગ, રેપલીંગ, રિવર ક્રોસિંગ શિખવ્યું હતું. જેમાં બાળકોને પર્વત ઉપર ચઢાણ કરતી વખતે કેવા કેવા સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તેની શિખ આપી હતી. સાથે જંગલ બચાવવા માટે જંગલમાં કચરો ન ફેંકવા અને પ્રકૃતિનું કેવી રીતે જતન કરવું તે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં જૂનાગઢ શહેર ઉપરાંત જેતપુર સહિતનાં આસપાસનાં બાળકોઅને તેમનાં વાલીઓ જોડાયા હતા. કેમ્પનાં અંતે રાધા ડેરી પાસે જુનવાણી રાધા મંદિર પાસે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શિલ્ડ અને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

કેશોદમાં ઠંડીનાં કારણે પ્રૌઢનું મૃત્યું

જૂનાગઢ તા. ૧૭

કેશોદનાં બસ સ્ટેશનમાં ભીખુભાઈ રામજીભાઈ વાજા (ઉ.વ.૫૦)નું બેભાન હાલતમાં મૃત્યું થયું હતું. આ અંગે મૃતકનાં પુત્ર કેવલે તેનાં પિતા ભીખુભાઈનું મૃત્યું શિયાળાની ઠંડીને લીધે અથવા કોઈપણ બિમારીથી થયું હોવાનું કેશોદ પોલીસમાં નિવેદન આપ્યું છે.

ઝેરી દવા પીતા મૃત્યું

વિસાવદર તાલુકાનાં પ્રેમપરા ગામનાં ભગવાનજીભાઈ નાગજીભાઈ બાલધા (ઉ.વ.૪૫) કોઈપણ કારણસર ઝેરી દવા પી જતાં તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. જયારે અન્ય એક બનાવમાં કણઝા ગામનાં જમનાભાઈ જીવાભાઈ વાછડીયા (ઉ.વ.૬૫)એ ૧૫-૧-૨૦૨૨નાં ૪.૩ વાગ્યાનાં અરસામાં કોઈપણ કારણસર ઝેરી દવા પી જતાં જૂનાગઢ સરકારી હોસ્પીટલમાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું થયું છે.

જૂનાગઢમાં સવારે ઝાકળવર્ષા, ગિરનાર પર્વત ઉપર ૭.૭ ડીગ્રી તાપમાન

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ સહીત સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે ઠંડીમાં સામાન્ય ઘટાડો રહેતા રાહત થઈ છે. દરમ્યાન આજે સવારે સૌથી નીચુ લઘુતમ તાપમાન ગિરનાર પર્વત ઉપર ૭.૭ ડીગ્રી રહયું છે. જૂનાગઢમાં આજે સવારે ઝાકળવર્ષા થઈ હતી. શહેરમાં લઘુતમ તાપમાન ૧૨ ડીગ્રી છે. ભેજ ૭૮ ટકા અને સવારે ૨.૮ની ડીગ્રીએ પવન ફુંકાયો હતો.

આદિત્યાણા : ગૌશાળાને બે ઉદ્યોગપતિ દ્વારા એક-એક લાખનું અનુદાન અપાયું

આદિત્યાણા તા. ૧૭

મકરસંક્રાંતિના પુણ્ય દિવસે આદિત્યાણા ગૌમાતા માટે ગૌશાળામાં ચોક માટી લીઝ હોલ્ડર ઈન્ડસ્ટ્રીયલ મીનરલ્સ પોરબંદર નિતિનભાઈ થાનકી તરફથી રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) અને પી. દતાણી કું. પોરબંદર તરફથી રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ) ફંડ આપવામાં આવેલ છે. ગયા વર્ષે ફંડનેઅભાવે થોડો સમય ગૌશાળા બંધ રહેલ બાદમાં ગામના આગેવાનોની ગૌશાળામા મીટીંગ મળેલ અને ચર્ચા થઈ કે ગામમા મોટી લીઝોને કારણે જમીન ખોદાય જવાના કારણે ગાયોને ચરીયાણ ઓછુ થઈ ગયેલ હોય મોટા લીઝ હોલ્ડર પાસે ફરજિયાત વર્ષે રૂા. ૧,૦૦,૦૦૦ ફંડ પેટે લેવા જે લીઝ હોલ્ડર ફંડ ના આપે તેની લીઝનુ કામ બંધ કરાવી દેવુ તેવુ ગામ લોકોએ નક્કી કર્યું હતું. આ નિર્ણય લીઝહોલ્ડરોને જણાવતા તેઓ પણ આ વાતમાં હોંશેહોંશે સહમત થઈ ગયા કે અમારી પણ ફરજ બને છે અને આ તો પુણ્યનું કામછે અને ગાયમાતાની ગૌશાળા ધમધમતી થાય. આમ આવો નિર્ણય અનુકરણીય હોય ગામોગામ જયાં લીઝો હોય ત્યાંઆ વિચાર અપનાવવામાં આવે તો ગૌશાળામાં ફંડનો પ્રશ્ન જ ન રહે.

બહેનની જરૂર છે

૬૫ વર્ષનાં બહેનને સારસંભાળ તથા માલીસ કરી શકે તેવા બહેનની જરૂર છે
સમય : સવારનાં ૯ થી સાંજે ૮ વાગ્યા સુધી
:: મળો ::
કિરીટભાઈ
આયુર્વેદ હોસ્પીટલ, જૂનાગઢ
મો. ૯૮૭૯૧ ૮૮૯૮૩

જૂનાગઢ જીલ્લાની કોર્ટ માટે ફાળવેલ જમીનમાં ભૂમિપૂજન કરાવી બાંધકામ શરૂ કરવા રજૂઆત

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢના એડવોકેટ એન.ડી. મોરીએ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ અને યુનિટ જજ (જૂનાગઢ જીલ્લા કોર્ટ)ને પત્ર પાઠવી રજૂઆત કરી છે કે, જૂનાગઢ કોર્ટનું વર્તમાન બિલ્ડીંગ જુનુ થતા તેમજ વર્તમાન સમયમાં જૂનાગઢ કોર્ટમાં પ્રેકટીસ કરતા વકીલોની સંખ્યા તથા વાહનોનો વધારો થવાથી અગાઉના જીલ્લા ન્યાયધીશ એન.બી. પીઠવા દ્વારા નવી કોર્ટની જગ્યા માટે ખાલી પડેલ જૂનાગઢ સીવીલ હોસ્પીટલની જગ્યા અંગે હાઈકોર્ટમાં દરખાસ્ત કરેલ. હાઈકોર્ટે આ દરખાસ્તના આધારે સરકારને રજૂઆત કરેલ. જૂનાગઢ બાર એસોસીએશન દ્વારા પણ સરકારમાં જગ્યા મળવા ઠરાવ કરેલ અને સરકારમાં ગાંધીનગર રૂબરૂ જઈ રજૂઆત કરેલ. જૂનાગઢ જીલ્લા કોર્ટની દરખાસ્ત તેના આધારે હાઈકોર્ટની રજૂઆત અને બાર એસોસીએશનની રજૂઆતને ધ્યાને લઈ ગુજરાત સરકારે એક વર્ષ પહેલા જૂનાગઢ સીવીલ હોસ્પીટલની ખાલી પડેલ જગ્યા જે આઝાદ ચોક નજીક, એમ.જી. રોડ ઉપર આવેલ છે તે ફાળવેલ છે. આ અંગેનો સરકારનો આદેશ હાઈકોર્ટ તથા જીલ્લા ન્યાયાલય જૂનાગઢનો મળી ગયેલ છે. બાર એસોસીએશન જૂનાગઢનો પણ જીલ્લા ન્યાયાલય તરફથી જાણ કરવામાં આવેલ છે. એક વર્ષ પહેલા જૂનાગઢ જીલ્લા ન્યાયાલય માટે સરકાર તરફથી જૂનાગઢ સીવીલ હોસ્પીટલની ખાલી જગ્યા આપી દેવામાં આવેલ છે પરંતુ આજ દિવસ સુધી ભૂમિ પૂજન કે આગળની કોઈ કાર્યવાહી હાઈકોર્ટ તરફથી થયેલ નથી. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને નમ્ર વિનંતી કે ભૂમિ પૂજના અંગે સત્વરે નિર્ણય કરવામાં આવે અને તે અંગેની જાણ બાર એસોસીએશન- જૂનાગઢને કરે તેવી વિનંતી. આ અંગે યુનિટ જજ હાઈકોર્ટ તથા જીલ્લા ન્યાયલય ઘટતી કાર્યવાહી કરે તેવી વિનંતી છે. નવી મળેલ જગ્યા અંગે બાર એસોસીએશન જૂનાગઢ સત્વરે કારોબારી અથવા જનરલ બોર્ડ બોલાવી ભૂમિ પૂજન અંગે ઠરાવ કરી નામદાર જીલ્લા ન્યાયાલય, યુનિટ જજ હાઈકોર્ટ તથા મુખ્ય ન્યાયાધીશ ગુજરાત કોર્ટ સમક્ષ મોકલી સત્વરે કાર્યવાહી થાય તે માટે ઠરાવ સાથે રૂબરૂ રજૂઆત કરે તેવી વિનંતી છે. રાજકોટ શહેર માટે નવી કોર્ટ બિલ્ડીંગ માટે માધાપર ચોકડી નજીક સરકાર એ જગ્યા ફાળવેલ અને ત્યાં હાલ બાંધકામ શરૂ થઈ ગયેલ છે. જૂનાગઢ જીલ્લા કોર્ટને પણ સત્વરે નવા બિલ્ડીંગની જરૂરીયાત છે, કોર્ટને સંકડાશ પડે છે સાથે વાહનો વર્તમાન બિલ્ડીંગની જગ્યામાં રહી શકતા નથી કેરોડ ઉપર ટ્રાફીકના કારણે વધુ સમય રહી શકતા નથી. સામાન્ય સ્ટાફ કે સામાન્ય વકીલ પાસે પોતાનું સ્કુટર કે મોટરસાયકલની સગવડ હોય છે. અત્યારે બસ્સો કોર્ટ સ્ટાફ છે. ત્રણસો વકીલો આવે છે. આ સિવાય પચ્ચીસથી વધારે વકીલો કાર લઈને આવે છે. વર્તમાન કોર્ટ બિલ્ડીંગમાં વાહન પાર્કીંગનો મોટો સવાલ છે ત્યારે સીવીલ હોસ્પીટલ જૂનાગઢની જગ્યા સરકારે આપી જ દીધી છે તો હાઈકોર્ટ તથા જીલ્લા ન્યાયાધીશ જૂનાગઢ તથા બાર એસોસીએશન જૂનાગઢની વર્તમાન નવી ટીમ સત્વરે ઘટતી કાર્યવાહી કરે તેવી બાર એસોસીએશનના પૂર્વ પ્રમુખ અને પૂર્વ જીલ્લા સરકારી વકીલ એન.ડી. મોરી તથા પૂર્વ પ્રમુખ પી.ડી. ગઢવીએ રજૂઆત કરેલ છે.

જૂનાગઢના ખોરાસા ગામની પ્રાથમિક શાળામાં ૮ દિવસીય સેલ્ફ ડિફેન્સ તાલીમ યોજાઇ

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી તથા ડીસ્ટ્રીક મિનરલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે સેલ્ફ ડિફેન્સ તાલીમનું આયોજન જૂનાગઢ જિલ્લાના ખાણ કામથી પ્રભાવિત વિવિધ તાલુકાઓના ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવે છે.

જૂનાગઢના માળિયાહાટીના તાલુકાના ખોરાસા (ગીર) ગામની કન્યા પ્રાથમિક શાળા ખાતે ૮ દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિશોરીઓને સ્વ-રક્ષણના દાવ, જુડો, લાઠી દાવ અને ચુની દાવ શીખવવામાં આવ્યા હતા. તેમજ સ્વ-રક્ષણ દ્વારા કેવી રીતે પોતાને સલામત રાખી શકાય તે અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ તાલીમમાં સહભાગી થયેલ ૧૭૯ કિશોરીઓને સેલ્ફ ડિફેન્સ કીટ અને આઈઈસી વિતરણ તેમજ પૌષ્ટીક અલ્પાહાર આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન મહિલા શક્તિ કેન્દ્રની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

વંથલીમાં ૧૯ જાન્યુઆરીએ નેત્રયજ્ઞ કેમ્પ યોજાશે

જૂનાગઢ, તા.૧૭

જનસેવા સમાજ વંથલી દ્વારા આયોજીત રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ આંખની હોસ્પીટલ રાજકોટના સૌજન્યથી વંથલી મુકામે સખર ભવન ખાતે તા.૧૯ને સવારે ૯ થી ૧૨ સુધી આંખોના મોતીયાનો ૧૯૦મો ઓપરેશન કેમ્પ યોજેલ છે. આંખના કેમ્પમાં મોતીયો, ઝામર, વેલ, પરવાળાના રોગોનું નિદાન કરી દવા આપવામાં આવશે. મોતીયાના ઓપરેશન લાયક દર્દીને ખાસ વાહનમાં રાજકોટ લઈ જવામાં આવશે. ઓપરેશન મફત કરી નેત્રમણી પણ મફત બેસાડી દેવામાં આવશે. બીજા દિવસે ખાસ વાહનમાં પરત વંથલી પહોંચાડવામાં આવશે. આ કેમ્પમાં આવનારા તમામ વ્યકિતઓએ માસ્ક પહેરવું ફરજીયાત છે તેમજ કેમ્પમાં સોશ્યલ ડિસ્ટન્સ (સામાજીક અંતર) રાખી બેસવું અને દર્દીઓએ તેમનું આધારકાર્ડ ફરજીયાત સાથે રાખવા યાદીમાં જણાવાયું છે.

સોમનાથ ખાતે અદ્યતન સુવિધાયુકત અનોખું મોક્ષધામ નિર્માણ થશે

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૧૭

વિશ્વપ્રસિધ્ધ સોમનાથતિર્થ ખાતે આવનારા દિવસોમાં અનોખું મોક્ષધામ બનવા જઈ રહયું છે. મોક્ષધામ એટલે કે સ્મશાન કે જે અમરેલીનાં સ્મશાનના મોડલનાં આધારે આ વિશિષ્ટ સ્મશાનગૃહનું નિર્માણ થશે. આ માટે અમરેલીમાં અનોખું સ્મશાન બનાવનાર વિઠ્ઠલભાઈની પણ મદદ લેવામાં આવશે.

સોમનાથનું મોક્ષધામ સુવિધાયુકત અને અનોખું બને તે માટે ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી ઝવેરીભાઈ ઠકરાર તથા વેરાવળ-પાટણ સંયુકત નગરપાલીકાનાં પ્રમુખ પિયુષ ફોફંડી, બાદલભાઈ હુંબલ, નિલેશ વિઠ્ઠલાણી, ધવલ કારભારીએ ખાસ અમરેલી જઈ ત્યાનાં અનોખા મોક્ષધામની મુલાકાત લઈ નિહાળ્યું હતું. અને તિર્થનાં દરજજાને અનુરૂપ સ્મશાન બનાવવા ગતિવિધિ હાથ ધરાઈ છે.

અમરેલીનાં વિઠ્ઠલભાઈ કે જેણે અમરેલીમાં ૧૭ વિઘામાં ખુબ સરસ મજાનું સ્મશાન બનાવેલ છે. અને પોતે કલાકાર હોવાથી ભગવાનની, આધ્યાત્મીક મહાનુભાવો અને સંતોની કલાકૃતિ ત્યાંનાં સ્મશાનમાં મુકી છે. સાથે સાથે સમગ્ર અમરેલીમાં ઘણા સર્કલો ડેવલોપ કર્યા છે. અને મૂર્તિઓ મુકી છે. અને વિઠ્ઠલભાઈએ વચન આપ્યું છે કે પોતે પોતાનાં ખર્ચે સરસ પોઈન્ટ સાથે સોમનાથ ખાતે ઉભા કરશે તેવી ઈચ્છા વ્યકત કરી હતી. આમ જો આ મોક્ષધામનું નિર્માણ થશે તો શિવજીને પ્રિય સ્મશાન સુંદર બનશે તો સોમનાથ, સમુદ્રી વોક-વે, રામ મંદિર, હરિહરવન, પવિત્ર ત્રિવેણી સંગમ, ગોલોકધામ, ભીમઘાટ સુધીની સળંગ હારબંધ સર્કીટ બનશે કે જે લોકોને ઉપયોગી થશે અને યાત્રિકો-પ્રવાસીઓ દેશનાં સુપ્રસિધ્ધ સ્મશાનોની જેમ મુલાકાત લઈ દિવ્ય અનુભૂતિ અનુભવશે.

સોમનાથ-હરીદ્વાર ટ્રેન ચાલુ કરાવવા અંગે જૂનાગઢ અને પોરબંદર સાંસદને રજૂઆત કરતા એડવોકેટ એન.ડી. મોરી

જૂનાગઢ, તા.૧૭

સોમનાથથી હરીદ્વાર સીધી ટ્રેન ન હોવાથી ગીર સોમનાથ તથા જૂનાગઢ જીલ્લાના હજારો નાગરીકોનો હરીદ્વાર જવા માટે અમદવાદથી ટ્રેન બદલવી પડે છે. જૂનાગઢના નાગરીકોની વર્ષો જુની રજૂઆત અને માંગણી છે કે, જૂનાગઢ-હરીદ્વાર ટ્રેન ચાલુ થાય તો જૂનાગઢ જીલ્લાના નાગરીકોને હરીદ્વાર જવા સાથે હરીદ્વારથી જૂનાગઢ આવવા સીધી ટ્રેનનો લાભ મળી શકે પરંતુ અગાઉની રજૂઆતનો આજ દિવસ સુધી કોઈ અમલ થયેલ નથી. હવે સોમનાથથી હરીદ્વારની સીધી ટ્રેન ચાલુ કરવામાં આવે તો વેરાવળ તથા જૂનાગઢ જીલ્લાના હજારો નાગરીકો લાભ લઈ શકે સાથે જૂનાગઢ, વેરાવળના નાગરીકોને સીધુ દિલ્હી જવું હોય તો પણ આ ટ્રેનનો લાભ લઈ શકે. રાજેશભાઈ ચુડાસમા જૂનાગઢના સંસદ સભ્ય છે તેઓને આ અંગે રજૂઆત કરી મંજુરી માટે પ્રયત્ન કરવા જોઈએ જેથી જૂનાગઢ જીલ્લાના તથા સોમનાથ જીલ્લાના નાગરીકો માટે મોટી સુવિધા હરીદ્વાર આવવા જવા માટે કરી તેમ કહેવાય.

આસિવાય રમેશભાઈ ધડુક પોરબંદરના સંસદ સભ્ય છે. પોરબંદરના સાંસદ મત વિસ્તારમાં કેશોદ, વંથલી, મેંદરડા વિસ્તાર આવે છે. રમેશભાઈ ધડુક પણ રાજેશભાઈ સાથે જોડાઈ બંને સંસદ સભ્યો સાથે મળી માર્ચ સુધીમાં આ અંગે રેલ્વે મંત્રી પાસે રજૂઆત કરે તો આ કાર્યવાહીને ચોકકસ મંજુરી મળી શકે. જૂનાગઢ સંસદીય મત વિસ્તાર તથા પોરબંદર સંસદીય મત વિસ્તારના નાગરીકો વતી અમો આપ બંને સંસદોને વિનંતી કરીએ છીએ કે આ વર્ષના બજેટમાં સોમનાથ-હરીદ્વાર ટ્રેનની મંજુરી મેળવી યોગ્ય જગ્યાએ રજૂઆત કરવા આપનો અમારી નમ્ર વિનંતી છે તેમ એડવોકેટ નાથાભાઈ મોરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

જૂનાગઢમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા મકરસંકાંતિએ ૮૦૦ કુટુંબોને કીટ વિતરણ કરાયું

જૂનાગઢ, તા.૧૭

એક તરફ મોંઘવારી વધી રહી છે. બીજી તરફ કોરોનાની મહામારી જેવી પરિસ્થિતિમાં કોઈ કોઈનું ભાવ પૂછતું નથી ત્યારે સગા સંબંધીઓ મોઢું ફેરવી લેતા હોય છે ત્યારે ખાસ કરીને વિધવા બહેનો, ત્યકતા બહેનો તેમજ શ્રમિક પરિવારોની હાલત કફોડી હોય છે ત્યારે મકરસંકાંતિના પર્વ નિમિત્તે ઝુંપડપટ્ટી, ધારાગઢ દરવાજા, વૃદ્ધાશ્રમ, અંધ કન્યા છાત્રાલય, મહિલા આશ્રયસ્થાનમાં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા ૮૦૦ જરૂરીયાતમંદ પરિવારને કીટનું વિતરણ કરાયું હતું જેમાં મનીષભાઈ લોઢીયા, દામજીભાઈ પરમાર, પટેલભાઈ, ઋષિરાજ આશ્રમ, કિશોરભાઈ ચોટલીયા, ચેતનભાઈ સાવલિયા, નાગભાઈ વાળા, ધીરેનભાઈ ધ્રુવ, રમણીકભાઈ રાણીગા, ગો.વા.પાર્વતીબેન કાનજીભાઈ ચૌહાણ વગેરેના આર્થિક સહયોગથી માંડવી પાક, તલ સાકરી, રાજીગરાના લાડુ, વેફર, ચીક્કી, બિસ્કીટ, ઘઉંનો લોટ વગેરે વસ્તુઓનું વિતરણ કરાયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના પ્રમુખ વિધાનસભા વિસ્તારમાં નોંધાયા છે. મહિલાઓમાં સોમનાથ વિધાનસભામાં સૌથી વધુ અને તાલાલા વિસ્તારોમાં સૌથી ઓછા મતદાતા નોંધાયા છે. ગીર સોમનાથ જીલ્લા કલેકટર રાજદેવસિંહ ગોહીલનાં માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ નાયબ ચુંટણી અધિકારી સુશીલ પરમાર, શંકરભાઈ, રોનકભાઈ પુરાણી, મનન ઠુંમર અને જે.આર. મછાર સહીત જીલ્લાના મતદાન નોંધણી અધિકારીઓ તેમજ તાલુકા તથા જીલ્લા વહીવટી તંત્રે સફળતાપૂર્વક કામગીરી બજાવી હતી.

ગીર સોમનાથ જીલ્લામાં ૩૩૪૧૫ મતદારો ઉમેરાયા, સોમનાથ જીલ્લો હવે ૯,૮૫,૪૪૬ મતદારોનો બન્યો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા. ૧૭

ગીર સોમનાથ જીલ્લા મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા યાદી ઝુંબેશ અંતે ૬ તાલુકા અને ૪ વિધાનસભા ક્ષેત્રને આવરી લેતી ઝુંબેશનાં અંતે તા. ૧-૧-૨૨નાં રોજ મતદાર લાયકાત ધરાવતા ૯,૮૫,૪૪૬ મતદારો મતપાત્ર યાદીમાં નોંધાયા છે. જેમાં ૩૩૪૧૫ નવા મતદારો નોંધાયા છે. જયારે ૯૩૩૩ મતદારો કમી થયા છે. જેમાં પુરૂષ મતદારો ૫,૦૪,૮૦૪ અને સ્ત્રી-મહીલા મતદારો ૪૮૦૬૪૨ થવા થાય છે. વિધાનસભા બેઠકમાં સોમનાથમાં પુરૂષ ૧૩૨૪૨૭, મહીલા ૧૨૭૯૩૯, તાલાલામાં પુરૂષ ૧૧૮૮૮૦, મહીલા ૧૧૭૦૩૩, કોડીનારમાં ૧૧૮૮૭૮, મહિલા ૧૧૩૦૮૩ અને ઉનામાં ૧૩૪૬૧૯ અને મહીલા ૧૨૬૯૧૭નો સમાવેશ થાય છે. આમ સૌથી પુરૂષ મતદારો ઉના વિધાનસભા અને સૌથી ઓછા પુરૂષ મતદારો કોડીનાર

મકરસંકાંતિના પાવન દિવસે માં ગૌ સેવા હોસ્પિટલ-કુકસવાડા મુકામે ૨૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૭

મકરસંકાંતિના પાવન દિવસે શ્રી ગાયત્રી પરિવાર ચોરવાડ, માં ગૌસેવા હોસ્પિટલ-કુકસવાડા તથા ગાયત્રી જ્ઞાન મંદિર શિતળાકુંડ-જૂનાગઢના સહયોગથી નિરાધાર, અપંગ, વૃધ્ધ, બીમાર, અકસ્માત અનેરામચરણ પામેલી ગૌમાતાના કલ્યાણ અર્થેમાં ગૌ સેવા હોસ્પિટલ-કુકસવાડા મુકામે ૨૫ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી વૈદિક પરંપરાથી અને આપણા પૂરાણોમાં યજ્ઞનું ખુબ જ મહત્વ રહેલ છે. પહેલાના સમયમાં આપણા ઋષિ મુનીઓ, આશ્રમો અને ગુરૂકુળોમાં યજ્ઞ કરવામાં આવતા હતા. પૂરાણોમાં વર્ણન મુજબ ભગવાન રામ અને કૃષ્ણએ પણ યજ્ઞ કરેલા છે. યજ્ઞ થકી વાતાવરણની શુધ્ધિ થાય છે. હાલ ચાલી રહેલ કોરોના કાળમાં વાયરસજન્ય રોગોથી બચવા યજ્ઞ ખુબ જ જરૂરી છે. યજ્ઞ થકી

વ્યકિતમાં સકારાત્મક ઉર્જાનો સંચાર થાય છે. યજ્ઞ અને ગાયએ હિંદુ ધર્મ અને આપણી સંસ્કૃતિમાં આગવું સ્થાન ધરાવે છે. પહેલાના સમયમાં આપણી ભારતભૂમિમાં ઋષિ મુનીઓ અને રાજા મહારાજાઓ યજ્ઞ અને ગૌપુજા કરતા જેનાથી ભારતભૂમિની વૈદિક પરંપરા અને સંસ્કૃતિ અને પ્રકૃતિ સર્વગુણોથી સંપન્ન હતી. પ્રજા પ્રાણવાન હતી. આજે ગાય અને યજ્ઞના મુલ્ય ઘટવાના કારણે પ્રજા દુઃખ, શોક, રોગથી પીડાઈ રહી છે. મકરસંકાંતિના પાવન દિવસે માં ગૌસેવા હોસ્પિટલ-કુકસવાડા મુકામે ગાયત્રી પરિવાર દ્વારા ગૌ રક્ષાર્થે, પ્રજા કલ્યાણ અર્થે, દેશ સેવામાં શહિદ થયેલ જવાનોને શ્રધ્ધાંજલી અર્થે ખુબ સુંદર યજ્ઞનું આયોજન થયેલ જે વંદનીય કાર્ય છે. યજ્ઞની શરૂઆત જૂનાગઢ જિલ્લા પંચાયતના સદસ્ય ભુવાઆતા ભુપતભાઈ સોલંકી અને શિવમ્ ચક્ષુદાન-આરેણાના સંચાલક દ્વારા દિપ પ્રાગટય દ્વારા કરવામાં આવ્યું હતું. માં ગૌસેવા હોસ્પિટલ-કુકસવાડામાં રાત દિવસ જોયા વગર નિરંતર ગાયોની સેવા કરતા અને ગૌશાળાનું મેનેજમેન્ટ કરતા કીર્તીભાઈ મહેતા, માં ગૌસેવા હોસ્પિટલ ગ્રુપ, આજુબાજુના ગૌસેવકો અમુલ્ય યોગદાન રહેલ છે. ગૌસેવાર્થે કાર્યરત આ તમામ ગૌસેવકો યુવાનો માટે પ્રેરણાસ્ત્રોત અને માર્ગદર્શક છે. આ યજ્ઞ કાર્યમાં કોરોના મહામારીને ધ્યાને લઈ મર્યાદિત સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સરકારની ગાઈડલાઈન, માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ વગેરેનું પાલન કરવામાં આવ્યું હતું. આ આ યજ્ઞમાં નીચે મુજબની ગૌશાળા અને સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલ સંગઠનોએ સહયોગ આપ્યો હતો.

જૂનાગઢ અને વંથલીમાં ધાબળા વિતરણ કરાયું

જૂનાગઢ, તા.૧૭

જન સેવા સમાજ વંથલી દ્વારા કડકડતી ઠંડીમાં ખુલ્લામાં અને ઝુંપડામાં રહેતા ૩૦૦ પરીવારોને ગરમ ધાબળાનું સ્થળેજઈ વિતરણ કરવામાં આવ્યું હતું અને વંથલીમાં ૭૦ પરીવારોને અનાજ, ખજુર તલ મમરાના લાડુ વગેરે વસ્તુઓનું મકર સંક્રાંતિ પ્રસંગે વિતરણ કરવામાં આવ્યું હતું.

ખંભાળિયાના વિવિધ મંદિરોમાં પતંગના અલભ્ય શણગારના દર્શન

જામ ખંભાળિયા તા.૧૭

મકરસંકાંતિના પવિત્ર પર્વ નિમિત્તે ખંભાળિયાના જાણીતા મંદિરોમાં વિવિધ પ્રકારના પતંગ સાથેના સુંદર શણગાર સજવામાં આવ્યા હતા. ખંભાળિયામાં આવેલા જાણીતા શ્રી જલારામ મંદિર તથા અહીંના પ્રાચીન અને પ્રખ્યાત શ્રી કલ્યાણરાયજી મંદિર ખાતે ગઈકાલે શુક્રવારે મકરસંકાંતિ નિમિત્તે વિવિધ આકાર-પ્રકારના પતંગ સાથે સુંદર શણગાર કરવામાં આવ્યા હતા. આ માટે અહીંના યુવા કાર્યકરો મિલન કોટેચા, મિલન ગોકાણી, નિપુણ રાડિયા, નિશ્ચલ રાડિયા, હિરેનભાઈ સેવકની જહેમતથી મંદિરોમાં કરવામાં આવેલા આ સુંદર દર્શન આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

કોરોના અને ઓમિક્રોનના વધતા કેસને ધ્યાને રાખી દિલ્હી ખાતે યોજાનાર ૨૬મી જાન્યુઆરીની રાષ્ટ્રીય પરેડમાં માત્ર ૨૪ હજાર લોકો જ સામેલ થશે

નવી દિલ્હી તા.૧૭

ગયા વર્ષની જે, અંતરના નિયમોની ખાતરી કરવા માટે દર્શકોને ૬ ફૂટના અંતરે બેસાડવામાં આવશે, અને માસ્ક ફરજિયાત રહેશે. આ દરમ્યાન સમગ્ર વિસ્તારને સેનિટાઈઝ કરવામાં આવશે અને બેઠક વિસ્તારની નજીક સેનિટાઈઝર ડિસ્પેન્સર પણ સ્થાપિત કરવામાં આવે તેવી શક્યતા છે. આવી સ્થિતિમાં તમામ સાંસ્કૃતિક સહભાગીઓ અને સશસ્ત્ર દળોના જવાનો માટે રસીના ડબલ ડોઝ ફરજિયાત બનાવવામાં આવ્યા છે. આ સાથે, તે બધાનો કોરોના ટેસ્ટ કરવામાં આવશે. તે જ સમયે, પરંપરા મુજબ, પોડિયમ ઉપર ફક્ત વી.વી.આઈ.પી. જ બેસશે, જેમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને સંરક્ષણ રાજ્ય પ્રધાન અજય ભટ્ટ સામેલ હશે. આવી સ્થિતિમાં, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, સંરક્ષણ મંત્રાલય સોમવારે ભાગ લેતી ઝાંખી અને માર્ચિંગ ટુકડીઓની વિગતો જાહેર કરશે. દેશની રાજધાની દિલ્હીમાં આ બીજી વખત બનશે જ્યારે પ્રજાસત્તાક દિવસ કોરોના મહામારીના નિયમ મુજબ ઉજવવામાં આવશે. જ્યાં ગયા વર્ષની જેમ આ વર્ષે આ આયોજન કોરોના મહામારી વચ્ચે થઈ રહ્યું છે. તે જ સમયે, હવે આ સમારોહ એવા સમયે થશે જ્યારે કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. આ સમય દરમ્યાન ત્યાંના આયોજનની રીતમાં કોઈ મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી. આવી સ્થિતિમાં, સંરક્ષણ સંસ્થાનના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે પરેડમાં ભાગ લેનારા ૨૫,૦૦૦ લોકોની સરખામણીએ આ વખતે ૨૪,૦૦૦ લોકોને જોવાની મંજૂરી આપવામાં આવશે. જોકે, તે સામાન્ય પ્રેક્ષકો, મહાનુભાવો, સરકારી અધિકારીઓ, બાળકો, એન.સી.સી. કેડેટ્સ, રાજદૂતો, વરિષ્ઠ અમલદારો અને રાજકારણીઓ વચ્ચે હશે. છેલ્લા ૫૫ વર્ષમાં પ્રથમ વખત હતું કે, પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે કોઈ વિદેશી મહાનુભાવ ન હોય શકે. આ દરમ્યાન ચીફ ગેસ્ટ તરીકે. ભારત મધ્યએશિયાના પદેશોના રાષ્ટ્રપતિઓની નિમણુંક ઉપર કામ કરી રહ્યું છે કઝાકિસ્તાનના કાસિમ-જોમાર્ટ ટોકાયવ, ઉઝબેકિસ્તાનના શવકત મિર્ઝિયોયેવ, તાજિકિસ્તાનના ઈમોમાલી રહેમોન, તુર્કમેનિસ્તાનના ગુરબાંગુલી બર્દિમુહામેડોઅને કિર્ગિસ્તાનના સાદિરોવ સૂત્રોના જણાવ્યા અનુસાર તેની હાજરી વિષે હજુ સુધી કોઈ માહિતી સ્પષ્ટ કરવામાં આવી નથી. ગયા વર્ષે, બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોન્સને દેશમાં વધતા કોરોનાના વધતા કેસોને કારણે મુખ્ય અતિથિ તરીકે આ કાર્યક્રમમાં હાજરી ના આપવાનું પસંદ કર્યું હતું. જો કે, સૂત્રોના જણાવ્યા અનુસાર, કોરોના પહેલા લગભગ ૧.૨૫ લાખ લોકો પરેડમાં હાજરી આપતા હતા, જે ગયા વર્ષે ઘટીને ૨૫,૦૦૦ થઈ ગઈ હતી. આવી સ્થિતિમાં, વધારાની સાવચેતી રાખવા માટે અન્ય ૧,૦૦૦ને ઓછા કરવામાં આવ્યા છે. તેમાંથી ૫,૨૦૦ બેઠકો સામાન્ય પ્રેક્ષકો માટે છે, જેઓ ટિકિટ ખરીદી શકે છે. બાકીના ૧૯,૦૦૦ કે તેથી વધુ મહેમાનોને આમંત્રિત કરવામાં આવશે. આ દરમ્યાન, અધિકારીઓ હાલમાં દર્શકો માટે રસીકરણની માંગ માટે પ્રોટોકોલ ઉપર કામ કરી રહ્યા છે.

તંત્રી લેખ

લોકશાહી દેશમાં બદલાનું રાજકારણ નુકશાનકારક

હાલમાં જ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અધ્યક્ષ શરદ પવારે એમ કહીને હલચલ મચાવી કે 'હું અને પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ નહોતા ઈચ્છતા કે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વિરૂધ્ધ બદલાનું રાજકારણ ન રમવું જોઈએ.' એ સ્પષ્ટ છે કે, તેમના વિચારોને મહત્ત્વ નહોતું આપવામાં આવ્યું. કાશ, સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન એટલે કે યુપીએ સરકારે શરદ પવાર અને મનમોહન સિંહની સલાહ માની લીધી હોત. આજે નરેન્દ્ર મોદી વડાપ્રધાન છે તો તેનું એક મોટું કારણ એ જ રહ્યું કે તત્કાલીન યુપીએ સરકારે સતત તેમના વિરૂધ્ધ બદલાની ભાવનાથી નિંદા અભિયાન ચલાવ્યું. ખુદ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ નરેન્દ્ર મોદીને 'મૌત કા સોદાગર' સુધ્ધાં કહી દીધુ. યુપીએ અને તેમની સરકારે એ પ્રદર્શિત કરવાની કોશિષ કરી કે ૨૦૦૨માં જે પ્રકારનાં રમખાણો ગુજરાતમાં થયા, એવા રમખાણો દેશમાં પહેલાં ક્યારેય થયા જ નથી. જોકે એ નર્યું જૂઠ્ઠાણું હતું. બીજા કેટલાય સાંપ્રદાયિક રમખાણોના આંકડા તેની પુષ્ટિ નથી કરતા કે ગુજરાતનાં રમખાણો સૌથી વધુ ભયાવહ હતાં. ધ્યાન રહે કે શરદ પવારે બદલા શબ્દનો ઉપયોગ કર્યો છે. કોઈની ભૂલ વિરૂધ્ધ કાર્યવાહી કરવા કે અભિયાન ચલાવવાને બદલો ન કહેવાય. તેને વાજબી કાર્યવાહી કહી શકાય. બદલો એને જ કહેવાય, જે યુપીએ સરકાર મોદી વિરૂધ્ધ કરી રહી હતી. રાજકીય વિશેષજ્ઞો અનુસાર યુપીએ સરકારના પ્રતિશોધાત્મક અભિયાનો અને કાર્યવાહીઓને કારણે પણ દેશના એવા અનેક સામાન્ય જનના દિલોદિમાગમાં નરેન્દ્ર મોદી માટે સહાનુભૂતિ પેદા થઈ ગઈ, જે પહેલાં ભાજપના સમર્થક ન હતા. સ્વાભાવિક રૂપે તેણે રાજકીય પરિદ્રશ્ય ઉપર એક મોટું અંતર પેદા કર્યું. ચૂંટણી આંકડાથી એ સ્પષ્ટ પણ છે. શરદ પવારની વાતથી પણ એ સ્પષ્ટ થયું કે ગુજરાત રમખાણો માટે નરેન્દ્ર મોદી જવાબદાર ન હતા. અસલિયત પણ એ જ હતી કે મોદીએ રમખાણો રોકવાની ભરચક કોશિષો કરી હતી. અદાલતે પણ મોદીને દોષી નથી માન્યા. જે કોઈ કેસમાં દોષી નથી ઠર્યા, તેને લઈને મોતના સોદાગર, લોહીની દલાલી કરવા જેવા નાહકના આરોપ લગાવવામાં આવે તો માહોલ તમારા વિરૂધ્ધ જ બની જાય. એ થયું પણ ખરૂ. પરિણામે ભાજપ સંપૂર્ણ બહુમતી સાથે આજે કેન્દ્રની સરકાર ચલાવી રહી છે અને કોંગ્રેસ માટે લોકસભાની સો બેઠકો મેળવવામાં પણ ફાંફાં પડી ગયાં. મુશ્કેલી એ છે કે, ત્યારબાદ પણ કોંગ્રેસ મોદી વિરૂધ્ધ બદલાની ભાવના રાખે છે. તે તેનું પ્રદર્શન આજે પણ કરતી જ રહે છે. ગુજરાત રમખાણો મામલે બદલાનું સૌથી મોટું ઉદાહરણ બેનર્જી ન્યાયિક પંચની રચના હતી. ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસ અગ્નિદ્ધકાંડની તપાસ માટે તત્કાલીન રેલ મંત્રી લાલુ પ્રસાદે બેનર્જી પંચની રચના કરી હતી. પંચે એવો રિપોર્ટ આપ્યો કે સાબરમતી એક્સપ્રેસની બોગી નંબર એસ-૬માં બહારથી આગ લગાવવાના કોઈ પુરાવા નથી મળ્યા, જ્યારે સીબીઆઈએ સઘન તપાસ બાદ એ જોયું કે રેલવે ડબ્બામાં બહારથી પેટ્રોલ છાંટીને આગ લગાડવામાં આવી, જેને કારણે ૫૯ કારસેવકો જીવતા બળી મર્યા. અદાલતે પુરાવા ગ્રાહ્ય રાખીને દોષી લોકોને બાદમાં સજા પણ કરી. હવે ગુજરાત રમખાણો અને દેશમાં થયેલા કેટલાક અન્ય રમખાણોનું તુલનાત્મક અધ્યયન કરીએ. ગોધરામાં થયેલા અગ્નિદ્ધકાંડમાં નૃશંસતાથી ઉદ્વેલિત ભીડે અલ્પસંખ્યકો ઉપર હુમલા શરૂ કર્યા હતા. જવાબી હુમલા પણ થયા. તેમાં અલ્પસંખ્યક સમુદાયના ૭૯૦ અને બહુસંખ્યક સમુદાયના ૨૫૪ લોકો માર્યા ગયા. રમખાણો દરમ્યાન ૯ લોકોના મોત બાદ જ ગુજરાતમાં સેના સડકો ઉપર હતી. તોફાનીઓની ભીડને નિયંત્રિત કરવાની કોશિષમાં કેટલાય પોલીસકર્મીઓ શહીદ થયા. ગુજરાત પોલીસે તોફાનીઓ ઉપર જે ગોળીઓ ચલાવી, તેને કારણે ઉપર ડઝનબંધ લોકો માર્યા ગયા. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ મધ્ય પ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી દિગ્વિજય સિંહને આગ્રહ કર્યો કે તે પોતાના રાજ્યની પોલીસ ગુજરાત મોકલે, પરંતુ સેક્યુલર મુખ્યમંત્રીએ પોલીસ ન મોકલી ! ગુજરાત રમખાણોથી વિપરીત ૧૯૮૯ના બિહારના ભાગલપુરના રમખાણોમાં અલ્પસંખ્યક સમુદાયના લગભગ નવસો અને બહુસંખ્યક સમુદાયના લગભગ સો લોકો મર્યા હતા. તત્કાલીન એસપીની જીપ ઉપર અલ્પસંખ્યક સમુદાયના તોફાનીઓએ બોમ્બ ફેંકી દીધો હતો. રમખાણો ત્યારબાદ જ શરૂ થયાં. એ રમખાણોમાં જિલ્લા પોલીસની સંડોવણીના આરોપમાં બિહાર સરકારે એક પોલીસ અધિકારીની બદલી કરી દીધી હતી, પરંતુ તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધીએ ભાગલપુર પહોંચીને તેને અટકાવ્યા. ભાગલપુર રમખાણો બાદ અલ્પસંખ્યક સમુદાયને એમ લાગ્યું હતું કે, શાસને રમખાણો રોકવાની કોશિષ ન કરી, પરંત તેને ઉત્તેજન આપ્યું. પરિણામે મોટાભાગના અલ્પસંખ્યકોએ ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને મત ન આપ્યા. નરેન્દ્ર મોદીના વડાપ્રધાન પદે ભાગલપુર જેવા કોઈ રમખાણો દેશમાં નથી થયા, છતાં આશ્ચર્ય છે કે અલ્પસંખ્યકોને દરેક ચૂંટણી વખતે ભાજપ વિરૂધ્ધ ભરમાવવામાં આવે છે. ત્યાં જ ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીની હત્યા બાદ શીખ નરસંહારમાં એકલા દિલ્હીમાં જ મૃતક શીખોની સંખ્યા ૩૦૦૦ જણાવવામાં આવી. દેશના અન્ય કેટલાય નગરોમાં પણ શીખો માર્યા ગયા. ૩૧ ઓક્ટોબરથી લઈને ૩ નવેમ્બર સુધી દિલ્હીની સડકો ઉપર કોઈ સેના કે પોલીસ નહોતી ! દિલ્હીમાં તો તત્કાલીન રાષ્ટ્રપતિ ઝૈલ સિંહ અને સરદાર ખુશવંત સિંહના ત્રાહિમામ સંદેશાને પણ તત્કાલીન વડાપ્રધાન અને ગૃહમંત્રીએ નજરઅંદાજ કરી દીધા હતા ! જોકે આવા તમામ રમખાણોની સમાન રૂપે નિંદા થવી જોઈએ, પરંતુ જે ગોધરામાં માનવ દહનની નિંદા નથી કરતા, તેને ગુજરાત રમખાણો ઉપર બોલવાનો પણ કોઈ નૈતિક અધિકાર નથી.

ટેલિકોમ ક્ષેત્ર ઉપર સરકાર ઓળઘોળ થશે, બજેટમાં રાહતનો પટ્ટારો ખોલશે

નવી દિલ્હી તા.૧૭

ટેલિકોમ ક્ષેત્ર છેલ્લા થોડા સમયથી આર્થિક સંકડામણમાં મુકાઈ ગયું છે. ત્યારે સરકારે જે કંપનીઓને મદદની જરૂર પડી તેનો હાથ પકડ્યો જ છે. હજુ પણ સરકાર બજેટમાં કંપનીઓ ઉપર ઓળઘોળ થવાની છે. કંપનીઓને રાહત આપતા અનેક નવા નિર્ણયો કરવામાં આવશે. હાલનો સમય જોતા સરકારના સ્પષ્ટ બે મુદ્દા જ હોય તેવું લાગી રહ્યું છે. જેમાં આપણી કંપનીઓમાં ઈજારો ન આવવો જોઈએ, બહારની કંપનીઓ આપણી કંપનીઓના ભાગનો નફો લઈ ન જવી જોઈએ આ બે મુદાનો સમાવેશ થાય છે. એલન મસ્કની કંપની સામે ભીડવા ભારતીય કંપનીઓમાં પ્રાણ ફૂંકવા સરકાર તૈયારી દેખાડી રહ્યું છે. સરકાર આગામી બજેટમાં રાહતનો પટ્ટારો ખોલે તો નવાઈ નહી. સામે બજેટમાં રૂા. ૩૫,૦૦૦ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ રિફંડ, લાયસન્સ ફી ત્રણ ટકાથી ઘટાડી એક ટકા, સ્પેક્ટ્રમ વપરાશ ચાર્જ ઘટાડીને ત્રણ ટકા અને જીએસટી દૂર કરવાની સેલ્યુલર ઓપરેટર એસોસિએશન ઓફ ઈન્ડિયાએ માંગણી કરી છે. આ માંગણીઓ ઉકેલાય તેવા પુરેપુરા સંજોગો છે. એટલે એલન મસ્કની કંપની ભારતમાં આવશે ત્યાં સુધીમાં ભારતની કંપની પોતાના પાટા ઉપર દોડતી થઈ જશે. બીજી તરફ ટેલિકોમ કંપનીઓનો સરકારે હિસ્સો લીધો હોય એવું કહેવામાં આવી રહ્યું હતું કે, સરકાર વ્યાપાર કરવા ઈચ્છે છે. પણ સરકારે પણ સ્પષ્ટતા કરી છે તેનો ઉદેશ માત્ર મદદનો છે. કેન્દ્રીય ટેલિકોમ મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ જણાવ્યું છે કે, સરકાર માત્ર રોકાણકાર જ રહેશે. કંપનીઓ પ્રોફેશનલ દ્વારા ચલાવવામાં આવશે. સરકાર તેમાં ક્યારેય હસ્તક્ષેપ નહિ કરે. ખાસ તો અત્યારે વોડાફોન આઈડિયાના ખરાબ દિવસો ચાલી રહ્યા છે. પણ નજીકના ભવિષ્યમાં હવે તેના સારા દિવસો શરૂ થવાના છે.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સત્ય માત્ર સૂચક નહીં, પ્રેરક પણ હોવું જોઈએ.

-રવિન્દ્રનાથ ટાગોર

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૮, શા. શાકે. ૧૯૪૩, પા.શહેરેવર-૧૩૯૧, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૮, કચ્છી સં. ૨૦૭૮, પોષ સુદ-૧૫ વ્રતની પૂનમ, પોષી પૂનમ, શાકંભરી પૂર્ણિમા, અંબાજી પ્રાગટ્યોત્સવ, માઘ સ્નાનારંભ તા.૧૭ જાન્યુઆરી ૨૦૨૨, સોમવાર, પારસી તા.૫, મુસ્લિમ તા.૧૩, પુનર્વસુ નક્ષત્ર, વૈધ્રુતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૭:૩૬, સૂ.અ.૬:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), રાત્રે ૧૦:૦૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

-કનકચંદ્ર સી. વ્યાસ

ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ચીન પછી બીજા નંબરનું અને વિશ્વમાં ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે

નવી દિલ્હી તા.૧૭

એકંદરે ભારત આગામી દાયકામાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેતેવી શકયતા છે એમ બજારના અહેવાલમાં જણાવાયું છે. રિપોર્ટ અનુસાર લાંબા ગાળે સ્થાનિક અર્થતંત્ર સાથે સંકળાયેલા ઘણા પરિબળો આ ઝડપી ગતિને સમર્થન આપશે. આમાં સૌથી મહત્ત્વનો દેશનો ઝડપથી વિકસતો મધ્યમ વર્ગ હશે. આના કારણે ભારતમાં ઉપભોક્તા ખર્ચમાં જોરદાર વધારો થશે. એવો અંદાજ છે કે, વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશનો ઉપભોક્તા ખર્ચ બમણો થઈ જશે જે અર્થતંત્રને ૩ ગણો વૃદ્ધિ કરવામાં પણ મદદ કરશે. રિપોર્ટ અનુસાર ભારતનો વાસ્તવિક જીડીપી વૃદ્ધિ દર ૨૦૨૦-૨૧માં ૭.૩ ટકાની સામે ૮.૨ ટકા પ્રતિ વર્ષ રહેવાનો અંદાજ છે. આ દાયકો ભારતીય અર્થતંત્ર માટે ઘણો સારો રહેવાની સંભાવના છે. અહેવાલ મુજબ ભારતનું જીડીપીનું બજાર મૂલ્ય ૨૦૨૧માં ૨,૭૦૦ અબજ ડોલરથી વધીને ૨૦૩૦ સુધીમાં ૮,૪૦૦ અબજ ડોલર થવાનો અંદાજ છે. એટલે કે આ સમયગાળા દરમ્યાન સ્થાનિક અર્થતંત્રમાં ૩ ગણાથી વધુ વૃદ્ધિ થવાનો અંદાજ છે. આ ઝડપી વૃદ્ધિ સાથે ભારતીય જીડીપીનું કદ ૨૦૩૦ સુધીમાં જાપાન કરતાં વધી જશે, જેનાથી ભારત એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ચીન પછી બીજા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બનશે. તે જ સમયે તે સમય સુધીમાં ભારતનો જીડીપી કદના સંદર્ભમાં જર્મની, ફ્રાન્સ અને બ્રિટનને પાછળ છોડી ગયો હશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત જાપાનને પાછળ છોડી એશિયાની સૌથી મોટી અર્થવ્યવસ્થા બની શકે છે. ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટનું કદ જર્મની અને યુકે કરતાં પણ વધારે હશે અને ભારત ત્રીજા નંબરનું સૌથી મોટું અર્થતંત્ર બની શકે છે. વિશ્વના અર્થતંત્રમાં ભારત હાલમાં અમેરિકા, ચીન, જાપાન, જર્મની અને યુકે પછી વિશ્વની છઠ્ઠી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. અર્થતંત્રના નિષ્ણાંતોના અનુસાર આ દાયકો ભારતના નામે થવા જઈ રહ્યો છે. સ્થાનિક અર્થવ્યવસ્થા દાયકા દરમ્યાન વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની રહેશે એટલું જ નહીં, તે ૨૦૩૦ સુધીમાં જાપાનને પછાડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. શુક્રવારે IHS માર્કેટ દ્વારા જાહેર કરાયેલા એક અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. આ રિપોર્ટમાં ભારતની તરફેણમાં બીજી ઘણી બાબતો લખવામાં આવી છે જે ભવિષ્યને લઈને ખૂબ જ સકારાત્મક છે.

સાપ્તાહિક રાશી ભવિષ્ય

તા.૧૭-૧-૨૦૨૨ થી ૨૩-૧-૨૦૨૨ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ	વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક	મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ	કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર	સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય	કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ
આ સપ્તાહ દરમ્યાન અંગત મુશ્કેલીઓને કારણે વ્યથા અને બેચેની અનુભવાય. મનને પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખવું જેથી રાહત અનુભવાય. નાણાંકીય પરિસ્થિતિ મધ્યમ રહે. ખર્ચ અને ચૂકવણીના કારણે આવક વપરાઈ જાય. નોકરીયાત વર્ગ માટે આ સમય પ્રતિકૂળતા સભર છે. વિરોધીઓથી સાવધ રહેવું. ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ, ઉપરી અધિકારી થી ચકમક ઝરે, મિલ્કતો અંગેના પ્રશ્નો યથાવત રહે.	આ સપ્તાહ દરમ્યાન ખોટી ચિંતાઓ વધે, અવિશ્વાસ, શંકા, ભયથી દૂર રહેવું નહિં તો ગૃહજીવનમાં અસંતોષ રહે. નાણાંકીય તકલીફ દૂર થાય. અન્યોની મદદ દ્વારા ધંધાદારી કાર્યો પાર પડે. ખર્ચ વધે. નોકરીયાત વર્ગ માટે સમય સાનુકૂળ છે. ઉપરી અધિકારીવર્ગનો વિશ્વાસ સંપાદન કરી શકશો. કોર્ટ-કચેરીના પ્રશ્નો ઉકેલાય. વડીલો અને ભાઈ-ભાંડુની મદદ મળે, જીવનસાથી સાથે સમજદારી ભર્યું વર્તન રાખવું નહિં તો અશાંતિ સર્જાય.	આ સમય દરમ્યાન તમારી સમસ્યાનો ઉકેલ મળતા રાહતનો અનુભવ થાય. નાણાંકીય સ્થિતિ મુશ્કેલીભરી રહે. એકબાજુ ખર્ચ વધે જ્યારે બીજી બાજુ આવક યથાવત રહે તેથી નાણાંભીડ અનુભવાય. નોકરીક્ષેત્રે પણ દેખીતા લાભ મેળવી શકાય નહીં. વિરોધીઓના કારણે વિઘ્ન આવે. વેપાર-ધંધા ક્ષેત્રે સંઘર્ષમય સ્થિતિ રહે. દાંપત્ય જીવનમાં સાનુકૂળ અને લાગણી સભર વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂ રહે.	આ સપ્તાહ દરમ્યાન આકારણ ચિંતાને કારણે અકળામણ અને અશાંતિ વધે, મનને શાંત રાખવું હિતાવહ. વાણી સંયમ જાળવવો. નાણાંકીય જવાબદારીઓ વધે, આવક કરતા ખર્ચ વધી જાય. આ સમય દરમિયાન નાણાંનું રોકાણ કરવું નહીં કે મોટા સાહસિક કાર્યમાં ન પડવું. નોકરીયાત માટે આ સમય સારો ગણાવી શકાય. પ્રગતિ અને ઉન્નતિની તક મળે. વડીલો અને સ્નેહિજનોની તબિયત અંગે ચિંતા રહે, જીવનસાથીનો સહકાર મળે.	આ સપ્તાહ દરમ્યાન હિમ્મત આવે, દ્રઢતા અને મક્કમતા કેળવવી. સ્વાસ્થય બાબતે કાળજી રાખવી હિતાવહ. માનસિક સ્વાસ્થય જાળવી રાખશો તો પરિસ્થિતિ સાનુકૂળ રહેશે. નાણાંકીય મુંઝવણ અનુભવાય. એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ રહે. ધંધા-વ્યવસાયમાં મિશ્ર સંજોગો રહે. નોકરીયાત વર્ગને લાભ મળે અને ઉન્નતિનો માર્ગ સરળ બને. તક ઝડપી લેવી હિતાવહ. કૌટુંબિક પ્રશ્નોને કારણે મન અશાંત રહે. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે. તેનો સહકાર પ્રાપ્ત થાય.	આ સપ્તાહ દરમ્યાન તમે સર્જનાત્મક કાર્યો કરી શકો. તેમાં સફળતા મળે જેથી મનમાં આનંદ ઉત્સાહનું વાતાવરણ રહે. નાણાંકીય મુંઝવણ અનુભવાય છતાં કોઈ કાર્ય અટકે નહીં. ધંધા-વ્યવસાય ક્ષેત્રે ધીમી ગતિએ પ્રગતિ થાય, વિરોધીઓના હાથ હેઠા પડે, નોકરીયાત વર્ગ માટે આ સમય સફળતા-યશ-માન અપાવનાર રહે. ગૃહસ્થી જીવનમાં સંવાદિતતા ભર્યું વાતાવરણ રહે. સંતાનો પ્રત્યે વધુ ધ્યાન આપવું જરૂરી બને.
તુલા : ર.ત. સ્વામિ - શુક	**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**	**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**	**મકર : ખ.જ. સ્વામિ - શની**	**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**	**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમ્યાન ટેન્શન અને તાણમાંથી મૂક્તિ મળે, નવિનતકોમળે તે વધાવી લેજો. યશ-માન પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક પરિસ્થિતિ થોડીક ગૂંચવાય, ફરજ અને ખર્ચાઓ વધે છતાં તમારૂ કાર્ય અટકે નહીં. નોકરી-ધંધા ક્ષેત્રે આ સમય સાનુકૂળતા સભર છે. નોકરીયાત વર્ગને મુશ્કેલી હોય તો તેમાંથી માર્ગ મળે. ધંધા-વ્યવસાયવાળાના ભાગીદારીના પ્રશ્નો હલ થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું સ્વજનો સાથે મતભેદ રહે.	આ સપ્તાહ દરમ્યાન તમે માનસિક રીતે સ્વસ્થ રહો, આત્મવિશ્વાસમાં વધારો થાય. ધંધા-વ્યવસાયમાં નવી તકો મળે જેનું ભવિષ્ય માટે નું આયોજન થાય. નોકરીયાત માટે સારૂ રહે. અંગત પ્રશ્નો ઉકેલાય. બઢતી મળે, ભાગી દારીથી ચેતતા રહેવું. હિતશત્રુઓને કારણે વિઘ્ન આવે. કૌટુંબિક રીતે જોતા ભાઈ-ભાંડુથી વિવાદ સર્જાય. બાળકોથી સુખ મળે. જીવનસાથીનો સહકાર સંપાદન કરી શકાય. તબિયત જાળવવી હિતાવહ.	આ સપ્તાહ દરમ્યાન માનસિક બેચેની, ઉત્પાત, અજંપો વર્તાય. આત્મવિશ્વાસ કેળવવો તેમજ તમારા વિચાર અને સિધ્ધાંતોને વળગી રહેવું. આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય. અગત્યની કામગીરી કે ઉપરી હાથ યશ ન મળતા ઉદ્વેગ રહે. જીવનસાથી સાથે કુનેહપૂર્વક નું સહનશીલતા સભર વર્તન રાખવું હિતાવહ. સંતાનોથી સારૂ રહે. ઋતુગત બિમારીથી સાવધ રહેવું. તેમજ ખાવા-પીવામાં કાળજી રાખવી હિતાવહ.	આ સપ્તાહ દરમ્યાન લાંબા સમયથી અનુભવાતી બેચેની, અશાંતિ દૂર થાય. આર્થિક ક્ષેત્રે સમય સાનુકૂળતા સભર છે. વધારાની આવક ઊભી કરી શકાય. ધંધા-વ્યવસાય ક્ષેત્રે શુભ સમય, નોકરીયાત વર્ગના બઢતી-બદલી અંગેના પ્રશ્નો હલ થાય. દાંપત્યજીવનમાં શાંતિ અને આનંદનું વાતાવરણ રહે. આરોગ્ય એકંદરે સારૂ રહે. અલબત્ત ઋતુગત બિમારીઓથી સંભાળવું હિતાવહ.	આ સપ્તાહ પ્રગતિકારક રહે. માનસિક સ્વાસ્થય જાળવી શકાય. વિપરીત સંજોગોમાંથી માર્ગ મળે. ધંધાકીય સ્થિતિ યથાવત રહે. આવક વધે નહિં પરંતુ ખર્ચામાં થોડો વધારો થતા નાણાંકીય મુંઝવણ રહે. વિરોધીઓથી ચેતતા રહેવું. નોકરીયાત વર્ગ માટે શુભ સમય. સમાધાનકારી વલણ અપનાવું. દાંપત્યજીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય. સહકાર ભર્યું વાતાવરણ રહે. આરોગ્ય સારૂ રહે.	આ સપ્તાહ દરમ્યાન નિરાશાના વાદળો દૂર થતા જણાય. બોધરેશન હળવું થાય. મનમાં રાહત અનુભવાય. ધંધાકીય ક્ષેત્રે જરૂરી આવક મળી રહે પરંતુ પુરૂષાર્થ કરવું પડે. મહત્વના નિર્ણયો લઈ શકાય. નોકરીયાત માટે મિશ્ર સમય, વાણી સંયમ રાખવો અથવા ન બોલવામાં નવ ગુણ જેવી પરિસ્થિતિ રહે. ગૃહસ્થી જીવનમાં મતભેદ ન સર્જાય તે જોવું. આરોગ્ય જાળવવું હિતાવહ. ખાવા-પીવામાં કાળજી, નિયમિતતા રાખવી જરૂરી.

ડેલ્ટા બાદ હવે ઓમિક્રોને હાહાકાર મચાવતાં હોસ્પિટલો માટે ફરી અંધાધૂંધીભર્યા દિવસો આવશે : નિષ્ણાંતોની ચેતવણી

નવી દિલ્હી તા.૧૭

અત્યંત ચેપી ઓમિક્રોન વેરિયન્ટ સમગ્ર યુ.એસ.માં આવી ગયું છે અને ડેલ્ટા સ્ટ્રેઈનનું સ્થાન લીધું છે. પરંતુ કોવિડ-૧૯ના કથિત રીતે આ હળવા સ્વરૂપના ઉદયને લીધે હોસ્પિટલો ઉપરના બોજને ઓછો કરવા માટે અત્યાર સુધી કંઈ કરવામાં આવ્યું નથી. ઓમિક્રોન વેરિયન્ટ જે લગભગ ૯૮% કેસોમાં હોય છે. સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન ડિરેક્ટર રોશેલ વાલેન્સકીએ જણાવ્યું હતું કે આ આંકડો ૮ જાન્યુઆરીના રોજ પૂરા થતા સપ્તાહના ડેટા ઉપર આધારિત છે અને માત્ર બે અઠવાડિયા પહેલાના ૭૧.૩% કેસોમાં ઓમિક્રોનનો હિસ્સો હતો ત્યાર પછી તેમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. યુનિવર્સિટી ઓફ નોર્થ ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ ગ્લોબલ હેલ્થ એન્ડ ઈન્ફેક્સીસ ડીસીઝના પ્રોફેસર ડેવિડ વોહલે જણાવ્યું હતું કે ઓમિક્રોનની વધેલી સંક્રમણ ક્ષમતા અને કેટલાક લોકોએ રસીકરણ અને એક્સપોઝર દ્વારા ડેલ્ટાનો સામનો કરવા માટે બનાવેલ રોગપ્રતિકારક શક્તિ આ "વધુ હળવા" પ્રકારને અનુકૂળ બનાવે છે. પરંતુ નિષ્ણાંતો ચેતવણી આપે છે કે જેઓએ રસી લીધી નથી અથવા જેઓ આરોગ્ય સંબંધિત અન્ય સમસ્યાઓથી પીડાય છે તેમના માટે કોઈપણ કોવિડ-૧૯ પ્રકારનો ચેપ એ એક મોટી ચિંતા છે અને ડેટા એવા સંકેત આપે છે કે આરોગ્ય સંભાળ સિસ્ટમ માટે પહેલાથી જ તેની મર્યાદા કરતાં વધુ કેસો આવી રહ્યા છે અને આગામી દિવસોમાં હોસ્પિટલોની પરિસ્થિતિ વધુ ગંભીર બને એવી શકયતા છે. યુનિવર્સિટી ઓફ મેરીલેન્ડ સ્કૂલ આર્સ પબ્લિક હેલ્થના પ્રોફેસર નીલ સેહગલે જણાવ્યું હતું કે યુ.એસ.ના ઘણા ભાગોમાં આરોગ્ય સંભાળ સિસ્ટમ કોવિડના દર્દીઓની વધુ સંખ્યાના કારણે ભાંગી પડી છે અને જો હજુ વધુ કેસો આવશે તો આરોગ્ય સંભાળ સિસ્ટમ સંપૂર્ણ તૂટી જશે.

સૌથી તાજેતરના CDS Nowcast ડેટાના અનુમાન મુજબ દેશના દરેક ક્ષેત્રમાં ઓમિક્રોન કેસલોડ પર પ્રભુત્વ ધરાવે છે અને ન્યૂયોર્ક સિટી જેવા પ્રારંભિક રીતે અસરગ્રસ્ત સ્થળોએ આ ચેપ ચરમસીમાએ દેખાય છે ત્યારે મોટાભાગનાં શહેરોમાં ચેપ પછી હોસ્પિટલમાં દાખલ થવાનું વધતું જોવા મળી રહ્યું છે. મેરીલેન્ડમાં, જ્યાં સેહગલ કામ કરે છે ત્યાં કેટલીક હોસ્પિટલો સંભાળના કટોકટીના ધોરણો તરફ આગળ વધી રહી છે એટલે કે તેઓએ અમુક વૈકલ્પિક સર્જરીઓ અટકાવી દીધી છે અને સ્ટાફનું પુનઃ વિસ્તરણ કર્યું છે. કોલોરાડો અને ઓરેગોન સહિત અન્ય ઘણા રાજ્યોની હોસ્પિટલોએ પણ સમાન કટોકટી જાહેર કરી છે. સેહગલે જણાવ્યું હતું કે મેરીલેન્ડ હોસ્પિટલ એસોસિએશને માસ્કિંગ જેવા નિવારક પગલાંનું વધુ સારી રીતે પાલન કરવા માટે લોકોને વિનંતી કરી હતી અને ફરીથી રસીકરણ માટે પણ દબાણ કર્યું હતું. સ્થાનિક હોસ્પિટલો ઉપરના બોજને ઓછો કરવાનો પ્રયાસ કરવા

માટે કેટલીક જગ્યાઓ સુરક્ષા પ્રોટોકોલને પુનઃ સ્થાપિત કરી રહી છે. ગયા અઠવાડિયે ઉટાહમાં કેસોનો વિસ્ફોટ થતાં સોલ્ટ લેક કાઉન્ટીના આરોગ્ય નિર્દેશક એન્જેલા ડને કાઉન્ટી-વ્યાપી માસ્ક પહેરવાનો આદેશ જારી કર્યો હતો જેમાં KN95s, KN90s અથવા KF94s જેવા શ્વસન-પ્રકારના માસ્કની આવશ્યકતાનું વધારાનું પગલું ભર્યું હતું. કાઉન્ટીએ કહ્યું કે જેમને જરૂર હશે તેમને વિના મૂલ્યે માસ્ક પ્રદાન કરવામાં આવશે. સેહગલે જણાવ્યું હતું કે, આરોગ્યસંભાળ પ્રણાલીની ક્ષમતા જાળવી રાખવી એ અત્યંત મહત્વપૂર્ણ છે. સેહગલે કહ્યું કે જો આપણે અત્યારે નિવારક પગલાં નહીં લઈએ અને નિર્ણાયક રીતે કામ નહીં કરીએ તો ઘણું મોડું થઈ જશે અને વધુ કેસોમાં હોસ્પિટલમાં દાખલ થવાની જરૂર પડશે.

વિશ્વભરમાં મોંઘવારીથી લોકો પરેશાન

અમેરિકામાં મોંઘવારીએ ૪૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો

વિશ્વની મહાસત્તામાં ફુગાવાનો દર ડિસેમ્બરમાં વાર્ષિક સાત ટકાથી વધ્યો છે જે જૂન ૧૯૮૨ પછી સૌથી વધારે છે

વોશિંગ્ટન, તા.૧૭

મોંઘવારીથી માત્ર ભારતના લોકો પરેશાન છે તેવુ નથી. અમેરિકામાં પણ મોંઘવારીએ ૪૦ વર્ષનો રેકોર્ડો તોડી નાંખ્યો છે. અમેરિકામાં કન્સ્યુમર પ્રાઈઝ ઈન્ફલેશન ઈન્ડેક્સ એટલે કે ફુગાવાનો દર ડિસેમ્બરમાં વાર્ષિક સાત ટકાથી વધ્યો છે. જે જૂન ૧૯૮૨ પછી સૌથી વધારે છે. અમેરિકાના બ્યૂરો ઓફ સ્ટેટસ્ટિક દ્વારા આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. નવેમ્બરમાં મોંઘવારીનો દર ૬.૮ ટકા હતો. અમેરિકન મીડિયા રિપોર્ટ પ્રમાણે વધતી માંગ અને સપ્લાયમાં ઘટાડાના પગલે દેશમાં મોંઘવારી વધી રહી છે. જેના પગલે હવે અમેરિકાની રિઝર્વ બેંક આ વર્ષે વ્યાજ દરોમાં વધારો કરી શકે છે. અમેરિકામાં સતત ત્રીજા મહિને મોંઘવારી ૬ ટકા કરતા વધારે રહી છે અને રિઝર્વ બેંકના ૨ ટકાના ટાર્ગેટ કરતા ત્રણ ગણી વધારે છે. અમેરિકામાં ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સમાં ૬.૩ ટકાનો અને ગ્રોસરી પ્રાઈસમાં ૬.૫ ટકાનો વધારો દેખાયો છે. એક વર્ષમાં એનર્જી કોસ્ટ ઈન્ડેક્સ ૨૯.૩ ટકા વધ્યો છે. અમેરિકામાં ફળ અને શાકભાજીના ભાવમાં સૌથી વધારે વધારો દેખાયો છે. એનર્જી કોસ્ટ ડિસેમ્બરમાં ૦.૪ ટકા ઘટી છે પણ ફરી ૨૦૨૨માં તેમાં વધારો થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

ભૂતાનમાં ચીને ફરી નિર્માણ કાર્ય શરૂ કર્યું, સેટેલાઈટ તસ્વીરોમાં ૧૬૬ ઈમારતો અને રસ્તાઓ બંધાયેલા હોવાનો ચોંકાવનારો ખુલાસો

ભૂતાનની ભારત નજીકની સરહદે ચીન એકમેકથી જોડાયેલા બે ગામો બનાવી રહ્યું હોવાની શકયતા, દોકલામથી આ વિસ્તાર માંડ ૩૦ કિલોમટરના અંતરે : અહેવાલ

નવી દિલ્હી, તા.૧૭

ઉચ્ચ રિઝોલ્યુશન ધરાવતી સેટેલાઈટ તસવીરોના આધારે સનસનાટીપૂર્ણ ખુલાસો થયો હતો કે ચીન દ્વારા ભુતાનના અંદરના ભાગમાં એકબીજાથી જોડાયેલા બે ગામોનું સંભવતઃ નિર્માણ કરી રહ્યું છે. વર્ષ ૨૦૧૭માં ભારત અને ચીન વચ્ચે જે દોકલામ ખાતે વિવાદ થયો હતો ત્યાંથી આ સ્થળ લગભગ ૩૦ કી.મી.ના અંતરે છે. તે સમયે ભારતીય સૈનિકો દ્વારા પ્રત્યક્ષ રીતે ચીનના રોડ બાંધકામને અટકાવવામાં આવ્યું હતું જેના પગલે ૨૦૧૭માં ભારત અને ચીન વચ્ચે તંગદિલી પેદા થઈ હતી. બરાબર તે સમયથી ચીન દ્વારા ભારત સાથેની સરહદના ભાગો ઉપર રસ્તોઓ અને અન્ય નિર્માણ કાર્યો કરવામાં આવી રહ્યા છે. ચીન દ્વારા અન્ય ધરી ઉપર નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. જે દોકલામથી માંડ ૧૬ કિ.મી.ના અંતરે છે. ચીન દ્વારા નવેમ્બર ૨૦૨૦માં સંપૂર્ણપણે એક ગામનું પણ નિર્માણ કરવામાં આવ્યું હતું. જે સરહદી વિસ્તારમાં છે. એનડીટીવી ન્યુઝ ચેનલ દ્વારા સૌ પ્રથમ આ અંગેનો ખુલાસો કરવામાં આવ્યો હતો. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતની સ્થિતિને અવગણના કરીને બીજી ધરીથી રોડ બાંધકામની પ્રવૃત્તિ ફરી શરૂ કરી છે. દરમ્યાન સીમા વિવાદને લઈને ભારત અને ચીન વચ્ચેની વાતચીતનો ૧૪મો રાઉન્ડ પણ નિષ્ફળ ગયો છે. ચીને હજી પણ અડિયલ વલણ અપનાવવાનુ જારી રાખ્યુ છે. બંને દેશોએ હવે લદ્દાખમાં જે વિવાદ છે તેને સ્વીકાર્ય હોય તે રીતે ઉકેલવા માટે નિર્ણય તો લીધો છે પણ તેના ઉપર કેવી રીતે અમલ થશે તે સવાલ છે. બીજી તરફ સેટેલાઈટ તસવીરોથી ખુલાસો થયો છે કે ચીન હવે ભારતના દોલત બેગ ઓલ્ડી પાસે દેપસાંગને અડીને આવેલા વિસ્તારમાં પોતાના બંકરો બનાવી રહ્યું છે. જ્યાં ચીની સૈનિકોને રહેવા માટે ઘણુ બાંધકામ કરાયું છે. જ્યાં મોટા પાયે ચીની સેના તૈનાત છે. અંગ્રેજી અખબારના અહેવાલ પ્રમાણે બંને દેશો વચ્ચે થયેલી વાતચીતમાં કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. બીજી તરફ ચીન સાથેની લેટેસ્ટ વાતચીતમાં ભારતે પેંગોગ લેક વિસ્તારમાં ચીન દ્વારા બનાવાઈ રહેલા પુલનો મુદ્દો પણ ઉઠાવ્યો છે. એવુ દેખાઈ રહ્યુ છે કે ચીનની આર્મી લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલને લાઈન ઓફ કંટ્રોલમાં ફેરવવા માટે બહુ ઝડપથી સૈન્યની તૈનાતી કરી રહ્યુ છે. જેના કારણે ભારતના સેના પ્રમુખ જનરલ નરવણેએ કહ્યું હતું કે ચીન દ્વારા આંશિક રીતે સૈનિકોને પાછા ખસેડવા માટે કાર્યવાહી થઈ છે પણ ખતરો હજી યથાવત છે. ગત વર્ષે નવેમ્બરમાં ચીનના નવા બાંધકામ અંગેની જાણકારી મળી હતી. ચીન દ્વારા ભુતાન અને ભારત નાજીકની સરહદ ખાતે બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે તેના નક્કર પુરાવા ઉપલબ્ધ છે. સેટેલાઈટ તસવીરોના આધારે આ અંગેના અહેવાલોને સમર્થન મળે છે.

ઓમિક્રોન ઝડપથી ફેલાઈ રહ્યો છે સાવચેત રહેવાની જરૂર, ગભરાશો નહી, મુખ્યમંત્રીઓ સાથે કોરોનાની સ્થિતિ ઉપર ચર્ચા બાદ પીએમ મોદીએ કહ્યું

નવી દિલ્હી તા.૧૭

વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં કહ્યું કે પહેલાના વેરિયન્ટની તુલનામાં ઓમિક્રોન ઝડપથી લોકોને સંક્રમિત કરી રહ્યો છે. અમેરિકામાં એક દિવસમાં ૧૪ લાખ કેસ નોંધાયા છે. મોદીએ કહ્યું કે વિશ્વભરના દેશોમાં ઓમિક્રોનનું સંક્રમણ વધ્યું છે. તહેવારોના સમયમાં સતર્કતા રાખવી ખૂબ જરૂરી છે. તેમણે કહ્યું કે, ઓમિક્રોન ભલે ફેલાઈ રહ્યો છે આપણે સાવચેત રહેવાની જરૂર છે, ગભરાવાની નહીં. પીએમ મોદીએ કહ્યું કે વેરિયન્ટ ગમે તે હોય કોરોના સામે લડવાનું સૌથી કારગર હથિયાર વેક્સિન જ છે, ભારતની વેક્સિન વિશ્વમાં શ્રેષ્ઠ છે. પીએમ મોદીએ કહ્યું હતું. દરેક ભારતીય માટે ગર્વની વાત છે કે, આજે ભારતે લગભગ ૯૨ ટકા પુખ્ત વયની વસ્તીને પોતાનો પહેલો ડોઝ આપ્યો છે. દેશમાં બીજા ડોઝનું કવરેજ પણ લગભગ ૭૦ ટકા સુધી પહોંચી ગયું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે ૧૦ દિવસની અંદર ભારતે તેના લગભગ ૩૦ મિલિયન કિશોરોનું પણ રસીકરણ કર્યું છે તે ભારતની તાકાત દર્શાવે છે. આ પડકારને પહોંચી વળવાની અમારી તૈયારી દર્શાવે છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ફ્રન્ટલાઈન કામદારો અને વરિષ્ઠ નાગરિકો જેટલી જલદી પ્રિકોશન ડોઝ લઈ લે. આપણે ૧૦૦ ટકા રસીકરણ માટે દરેક ઘર દસ્તક ઝુંબેશને તીવ્ર બનાવવી પડશે. સામાન્ય લોકોની આજીવિકા, આર્થિક પ્રવૃત્તિઓને ઓછામાં ઓછું નુકસાન, અર્થતંત્રની ગતિ, કોઈપણ વ્યૂહરચનાનું ધ્યાન રાખવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે કેન્દ્ર સરકારે રાજ્યોને ૨૩,૦૦૦ કરોડનું ફંડ ફાળવ્યું હતું જેનો રાજ્યોએ સારો ઉપયોગ કર્યો છે. ઘણા રાજ્યોએ આ ફંડનો ઉપયોગ કરીને હેલ્થ સુવિધાઓમાં વધારો કર્યો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે નાણાંકીય ગતિવિધિઓ ઉપર કોઈ અસર ન પડે તેનું આપણે ધ્યાન રાખવું જોઈએ આપણે આપણો વિકાસ પણ ચાલુ રાખવો જોઈએ. આપણે સ્થાનિક કન્ટેનમેન્ટ ઉપર ધ્યાન આપીને જે વિસ્તારોમાં વધારે કેસ આવી રહ્યાં હોય ત્યાં ટેસ્ટિંગ વધારવાની જરૂર છે. કોરોના વાયરસના વધતા જતા કેસો અને તેના નવા વેરિયન્ટ ઓમિક્રોનને લઈને પીએમ મોદીએ તમામ મુખ્યમંત્રીઓ સાથે મોટી બેઠક કરી હતી. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રધાનમંત્રી સાથે જોડાયા છે. કોવિડ સમીક્ષા બેઠક દરમ્યાન પીએમ મોદીએ મુખ્યમંત્રીઓ પાસેથી રાજ્યોની પરિસ્થિતિનો તાગ મેળવી રહ્યા છે અને કોરોનાના ફેલાવાને રોકવા માટેના પગલાં મોદીએ ૨૦૨૦માં મહામારી બાદ મુખ્યમંત્રીઓ સાથે બીજી બેઠક કરી છે.

બાળકી જિંદગી માટે કરી રહી છે સંઘર્ષ

ડોક્ટર્સ ૩૨૫ ગ્રામની બાળકીને જોઈને આશ્ચર્યમાં

બ્રિટનમાં જન્મેલી ૩૨૫ ગ્રામની બાળકીને ડોક્ટર્સ Fighter કહી રહ્યા છે, તેની બચવાની શકયતા ૨૦%થી ઓછી હતી

નવી દિલ્હી, તા.૧૭

બ્રિટનમાં જન્મેલી ટાઈની હેન્ના યુકેના ૨૦ વર્ષના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી નાની બાળકી છે જે જીવતી બચી છે. હેન્નાનું વજન માત્ર ૩૨૫ ગ્રામ છે. તેની બચવાની શકયતા ૨૦ ટકાથી પણ ઓછી હતી. પરંતુ બાળકીએ ચમત્કાર કર્યો. તેનું વજન વધી રહ્યું છે. તેણે જાતે જ શ્વાસ લેવાનો પ્રયાસ પણ કર્યો. તે જીવન સાથે સંઘર્ષ કરી રહી છે. બેબી હેન્નાનો જન્મ ૨૫મા અઠવાડિયામાં થઈ ગયો હોવાના કારણે તેનો સંપૂર્ણ વિકાસ થઈ શક્યો નથી. હવે તબીબો તેને બચાવવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. હેન્નાની માતા એલી પેટન પોતે માત્ર ૧૭ વર્ષની છે. તેના માટે પોતાના બાળકને આ સ્થિતિમાં જોવું સરળ નથી. હેન્ના હવે ઈન્ક્યુબેટરમાં છે તે એટલી નબળી છે કે ઠંડીથી બચાવવા માટે બ્લેન્કેટને બદલે તેને બબલરેપ કરવામાં આવી છે. કારણ કે તે બ્લેન્કેટની સરખામણી ખૂબ જ વજનમાં હળવા હોય છે. એલી અને તેના પાર્ટનર બ્રેન્ડન સ્ટિબલ્સને નિયમિત સ્કેનિંગ દરમ્યાન બાળકના ઓછા ગ્રોથ વિષે ડોક્ટરો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી. ડોક્ટરના જણાવ્યા અનુસાર પ્રેગ્નન્સીના ૨૨મા અઠવાડિયામાં પણ બેબી હેન્નાનો ગ્રોથ ૧૬ અઠવાડિયાના બાળક જેટલો હતો. જેને લઈને ડોક્ટર્સે ચિંતા વ્યક્ત કરી હતી. થોડા અઠવાડિયા પછી ૨૫મા અઠવાડિયામાં એલીએ હેન્નાને જન્મ આપ્યો તે એક ઈમરજન્સી સર્જરી હતી જે ડિલિવરી માટે કરવી પડી હતી. ૨૯ ડિસેમ્બર ૨૦૨૧ના રોજ એલીની તબિયત અચાનક બગડી હતી. પેટ અને છાતીમાં દુઃખાવાને કારણે તેને આયરશાયરની ક્રોસહાઉસ હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી પરંતુ ત્યાં આરામ ન મળતા તેને તરત ગ્લાસગોની ક્વિન એલિઝાબેથ હોસ્પિટલ લઈ જવામાં આવી. ત્યાં બેબી હેન્નાનો જન્મ થયો હતો. એલી પેટનના જણાવ્યા અનુસાર રૂટિન ચેકઅપ દરમ્યાન તેનું બ્લડપ્રેશર વધી ગયું હતું. થોડીક હળવી સારવાર પછી બ્લડપ્રેશર ૨ દિવસમાં સામાન્ય થઈ ગયું. ત્યારે એવું લાગ્યું કે બધું સારું થઈ ગયું છે. ઘરે પહોંચ્યા પછી અચાનક દુઃખાવો થયો અને સર્જરી કરવી પડી. હેન્નાની પહેલા યુકેમાં ૨૦૦૩માં જન્મેલી સૌથી નાની બાળકી આલિયા હાર્ટ હતી. જેનું વજન 12oz જ્યારે હેન્નાનું વજન 11oz છે. હેન્નાનું વજન ૫૦૦ ગ્રામ થઈ જશે પછી તેને કોસહાઉસ હોસ્પિટલમાં મોકલવામાં આવશે. હાલમાં એલીની માતા સ્ટેસી મિલર મુશ્કેલ સમયમાં તેની સાથે છે. આશા છે કે હેન્ના ટૂંક સમયમાં તેના માતાપિતા સાથે ઘરે જઈ શકશે.

શરદ પવારે યોગીની '૮૦% વિરૂધ્ધ ૨૦%' ટિપ્પણીની ટીકા કરતા કહ્યું કે, 'સાંપ્રદાયિક વિચારોનો સામનો કરવો જોઈએ'

નવી દિલ્હી, તા.૧૭

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના સુપ્રીમો શરદ પવારે ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથની '૮૦% વિરૂદ્ધ ૨૦%' ટિપ્પણીની ટીકા કરી હતી અને ભારપૂર્વક જણાવ્યું કે, 'કોમી વિચારો વિરૂદ્ધ લડત આપવી જ જોઈએ'. તેમણે મુખ્યપ્રધાનની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે, '૮૦% વિરૂદ્ધ ૨૦%' ઉપરની તેમની ટિપ્પણી શરમજનક હતી અને 'તેઓ ખરેખર શું માને છે' તે દર્શાવે છે. પવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ટિપ્પણીઓ એ પણ દર્શાવે છે કે 'દેશમાં એકતા અને સહિષ્ણુતા જાળવવા માટે સાંપ્રદાયિક વિચારોનો સામનો કરવો જોઈએ' અને આશા અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ વખતે 'ઉત્તરપ્રદેશના લોકો ભાજપની વિરૂદ્ધ મત આપશે.' આદિત્યનાથે બે દિવસીય દૂરદર્શન કોન્કલેવ 'કિતના બદલા યુપી'ના છેલ્લા દિવસે બોલતા કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં '૮૦% વિરૂદ્ધ ૨૦%' મતદાન હશે. '૮૦% સમર્થકો એક તરફ હશે જ્યારે ૨૦% બીજી તરફ હશે. મને લાગે છે કે, ૮૦% સકારાત્મક ઉર્જા સાથે આગળ વધશે જ્યારે ૨૦% હંમેશા વિરોધ કરે છે અને આગળ પણ વિરોધ કરશે. ભાજપ જીતશે અને ફરીથી 'સબકા સાથ, સબકા વિકાસ' અભિયાનને આગળ વધારવા માટે કામ કરશે.' ઉત્તરપ્રદેશમાં મુસ્લિમો મતદારો લગભગ ૨૦% છે. આ દરમ્યાન એનસીપીએ જાહેરાત કરી હતી કે તે સમાજવાદી પાર્ટી સાથે હાથ મિલાવશે અને રાજ્યમાં આગામી વિધાનસભા ચૂંટણી તેના સહયોગી ભાગીદાર તરીકે લડશે. મુંબઈમાં મીડિયાને સંબોધતા પવારે કહ્યું કે ઉત્તરપ્રદેશના લોકો પરિવર્તન શોધી રહ્યા છે અને તેથી સત્તાધારી ભાજપને હટાવવા માટે વિવિધ રાજકીય પક્ષો એકસાથે આવી રહ્યા છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કરવા માટે સમાન વિચારધારા ધરાવતા પક્ષોની એક બેઠક યોજશે જેમાં બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરવામાં આવશે. તેમની પાર્ટીએ સમાજવાદી પાર્ટી સાથે ઔપચારિક ગઠબંધન કર્યું છે અને રાજ્ય માટે અન્ય પ્રાદેશિક સહયોગીઓને પણ લેવામાં આવશે. અન્ય રાજ્યોમાં ચૂંટણી માટે તેમના પક્ષના સ્ટેન્ડ ઉપર તેમણે કહ્યું કે એનસીપી મણિપુરમાં પાંચ બેઠકો ઉપર ચૂંટણી લડશે અને ગોવા માટે કોંગ્રેસ, શિવસેના અને તૃણમૂલ કોંગ્રેસ સાથે વાતચીત કરી રહી છે. તે જરૂરી છે કે ગોવામાં ભાજપ સરકારને તેના પદ ઉપરથી હટાવવામાં આવે જેના માટે ગઠબંધન જરૂરી છે. એનસીપીના નેતા પ્રફુલ્લ પટેલ અને શિવસેનાના સંજય રાઉત ત્યાંના સ્થાનિક કોંગ્રેસના નેતાઓ સાથે વાત કરી રહ્યા છે. પવારે એ પણ જાહેર કર્યું કે તેમનો પક્ષ મણિપુરમાં પણ ચૂંટણી લડવા આતુર છે અને કહ્યું કે, તેઓ કોંગ્રેસ સાથે પાંચ બેઠકો ઉપર ગઠબંધનમાં ચૂંટણી લડશે.

જુઓ ભારતમાં લોકશાહી મોટા પાયે ગબડી રહી છે : અમર્ત્ય સેન

ધ વાયરના મિતાલી મુખરજી સાથેની ખાસ મુલાકાતમાં નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ઘટનાઓ જે દિશામાં આગળ વધી રહી છે તેના અંગે ભારતે અચૂક વિચાર કરવો જોઈએ

નવી દિલ્હી તા.૧૭

ધ વાયરના મિતાલી મુખરજી સાથે એક ખાસ મુલાકાતમાં નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્ય સેને જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં જે પ્રકારની ઘટનાઓ ઘટી છે તેની દિશા અંગે ભારતે વિચારવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે આ દિશા લોકતાંત્રિક મૂલ્યોનું નિર્માણ કરવાની તદ્દન વિરૂધ્ધ છે અને તેના કારણે લોકશાહી સુદ્રઢ થવાના બદલે કમજોર થઈ રહી છે અને આ રીતે આર્થિક ન્યાયનું વિસર્જન થવા દઈને ઉપાયકારી રાજકીય પ્રક્રિયા વગર તેની સાથે ખોટી રીતે કામ લેવું એ સારી વાત નથી. અમર્ત્ય સેને ભારપૂર્વક જણાવ્યું હતું કે યુએપીએ વ્યક્તિગત સ્વતંત્રતા માટે અત્યંત ખરાબ છે કારણ કે તેના કારણે લોકોની અપરાધ આચરવા માટે કોઈ આધાર નહીં હોવા છતાં ધરપકડ કરી શકાય છે અને તેમને એટલા માટે જેલમાં રાખવામાં આવે છે કે તેઓ કંઈક ખોટું કરી શકે તેમ છે. તેમણે જણાવ્યું હતું કે દુર્ભાગ્યપૂર્ણ વાત એ છે કે ભારત સ્વતંત્ર થયાને ૭૫ વર્ષ થવા છતાં હજુ અસમાનતા પ્રવર્તે છે. આખરે લોકશાહીના અભાવને સમાનતા અને ન્યાય સાથે સરકાર દ્વારા જે રીતે વર્તાવ કરવામાં આવે છે તેની સાથે તેનું મજબૂત કનેક્શન છે. ડો.સેને તાજેતરમાં લોન્ચ કરાયેલ તેમના સંસ્મરણો 'હોમ ઈન ધ વર્લ્ડ'ની પૃષ્ઠભૂમિમાં આ ઈવેન્ટ્સની વાતો કરી હતી.

ભારતીય રેલ્વેનો મોટો નિર્ણય : ટ્રેનમાં હવે નહીં હોય ગાર્ડ, નામ બદલીને કરી નાખ્યા ટ્રેન મેનેજર

નવી દિલ્હી તા. ૧૭

ભારતીય રેલ્વેએ એક નિવેદનમાં કહ્યું કે રેલ્વેએ 'ગાર્ડ'ના હોદ્દાને બદલીને 'ટ્રેન મેનેજર' કરી દીધો છે. ભારતીય રેલ્વે દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, લાંબા સમયથી 'ટ્રેન ગાર્ડ'ના હોદ્દાને બદલીને 'ટ્રેન મેનેજર' કરવાની માંગ કરવામાં આવી રહી હતી.

જોકે, હોદ્દામાં સુધારો તેમના પગાર સ્તર, ભરતીની પદ્ધતિ, હાલની ફરજો અને જવાબદારીઓ, વરિષ્ઠતા અને પ્રમોશનના માર્ગોને બદલશે નહીં. રેલ્વે મંત્રાલય દ્વારા તમામ ભારતીય રેલ્વે/પીયુના જનરલ મેનેજરોને મોકલવામાં આવેલ એક અખબારી યાદીમાં આ વાત કહેવામાં આવી છે.

અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે, સુધારેલ હોદ્દો તેમની હાલની ફરજો અને જવાબદારીઓને અનુરૂપ છે અને તે ગાર્ડના પ્રેરણા સ્તરમાં સુધારો કરશે, જેઓ હવે 'ટ્રેન મેનેજર' છે. આ પહેલા, રેલ મુસાફરોની સુવિધાઓને ધ્યાનમાં રાખીને, ભારતીય રેલ્વે તેની સેવાઓમાં સતત જરૂરી ફેરફારો કરી રહી છે. આ એપિસોડમાં, ઉત્તર રેલવે અને પશ્ચિમ રેલવેએ કેટલીક ટ્રેન સેવાઓમાં ફેરફારની જાહેરાત કરી છે, જેથી મુસાફરોને વધુ સારી અને આરામદાયક સેવા પૂરી પાડી શકાય. ઉત્તર રેલવેએ કહ્યું છે કે, દિલ્હીના શકુરબસ્તીથી હરિયાણાના પલવલ સુધી ચાલતી અનરિઝર્વ્ડ ટ્રેન હવે ઉત્તર પ્રદેશના મથુરા જંક્શન સુધી ચલાવવામાં આવશે.

શકુરબસ્તી-પલવલ અનરિઝર્વ્ડ ટ્રેન મથુરા સુધી જશે

બીજી તરફ, પશ્ચિમ રેલવેએ મહારાષ્ટ્ર સંપર્ક ક્રાંતિ ફરી શરૂ કરવાની જાહેરાત કરી છે. પશ્ચિમ રેલવેએ કહ્યું છે કે, આ ટ્રેન ૨૬ જાન્યુઆરીથી આગામી આદેશ સુધી ચલાવવામાં આવશે. ઉત્તર રેલવેના જણાવ્યા અનુસાર, આ ટ્રેન દિલ્હીના શકુરબસ્તીથી સાંજે ૦૬.૨૦ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે ૦૮.૧૬ વાગ્યે પલવલ પહોંચશે. આ ટ્રેન પલવલથી રાત્રે ૦૮.૧૮ વાગ્યે ઉપડશે અને તે જ દિવસે રાત્રે ૧૦.૩૫ વાગ્યે મથુરા જંક્શન પહોંચશે.

પલવલ અને મથુરા જંક્શન વચ્ચે, આ ટ્રેન રૂંધી, શોલાકા, બંછારી, હોડલ, કોસી કલાન, છટા, અજાઈ, વૃંદાવન રોડ અને ભૂતેશ્વર સ્ટેશનો પર ઉભી રહેશે. શકુરબસ્તીથી પલવલ સુધીની આ ટ્રેનના સ્ટોપેજ અને સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. ભારતીય રેલ્વેના પશ્ચિમ રેલ્વે ઝોને મુસાફરોની સુવિધાઓને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સંપર્ક ક્રાંતિને ફરીથી ચલાવવાની જાહેરાત કરી છે. આ ટ્રેન ૨૬ જાન્યુઆરીથી ફરીથી પાટા ઉપર દોડશે અને આગામી આદેશો સુધી તેની સેવાઓ પ્રદાન કરશે.

ગુજરાતના ખેડૂતો માટે રાહતના સમાચાર : ટ્રેક્ટરની સબસિડીમાં વધારો અને સનેડા વાહનમાં સહાય આપશે

અમદાવાદ તા. ૧૭

કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં ટ્રેક્ટરની સબસિડીમાં વધારો કરાયો છે. જેમાં અત્યાર સુધી ૩૦થી ૪૦ હોર્સ પાવર સુધીના ટ્રેક્ટરને ૪૫ હજારના બદલે ૬૦ હજારની સબસિડી મળશે, જ્યારે ૪૦ હોર્સ પાવર ઉપરના ટ્રેક્ટરને ૬૦ હજારના બદલે ૭૫ હજારની સબસિડી મળશે.

રાઘવજી પટેલે જણાવ્યું કે, આ સબસિડી માટે કૃષિ વિભાગ દ્વારા નાણા વિભાગને રિપોર્ટ ફાઈલ મોકલવામાં આવ્યો છે, નાણા વિભાગની મંજૂરી મળતાની સાથે જ આ યોજના તાત્કાલિક અમલી બનશે. ખેડૂતને સહાય આપવાનું સિદ્ધાંતિક રીતે નક્કી કર્યું છે.

તો સૌરાષ્ટ્રના હોટ ફેવરિટ સનેડા વાહનને લઈને પણ કૃષિમંત્રીએ ખુશખબર આપ્યા છે. રાઘવજી પટેલે કહ્યું કે, સનેડો વાહન સૌરાષ્ટ્રના ખેડૂતોમાં ખુબ જ લોકપ્રિય છે, તે વાહનને માન્યતા મળે અને ખેડૂતો ખરીદે અને ઉપયોગ કરે તે માટે સરકાર સહાય આપવાનું વિચારી રહી છે. જેની અમે નવી દરખાસ્ત કરીશું. આ સાધનને માન્યતા મળશે એટલે સૌરાષ્ટ્રના સનેડા (મિની ટ્રેક્ટર)માં પણ સબસિડી મળશે. સનેડાની ખરીદી પર વધુમાં વધુ

રૂ.૨૫ હજારની સબસિડી અપાશે. સનેડાનું **RTO**માં રજિસ્ટ્રેશન થાય તે માટે કૃષિ વિભાગ જોગવાઈ કરશે.

કૃષિમંત્રીએ જણાવ્યું કે, રાજ્યમાં યુરિયા ખાતરનો પુરતો જથ્થો ઉપલબ્ધ છે. રવીપાક માટે ૨ લાખ ૭૫ હજાર મેટ્રીક ટન ખાતરની માગણી કરી હતી. કેન્દ્રએ ગુજરાતને ૩ લાખ મેટ્રીક ટન યુરિયા ખાતરનો જથ્થો પુરો પાડ્યો છે. ગુજરાતમાં હાલ ૩૯ હજાર ૪૭૮ મેટ્રીક ટન યુરિયા ઉપલબ્ધ છે. યુરિયા ખાતરની તંગીની વાત પાયા વિહોણી છે. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા ખાતર બાબતે નજર રાખે છે.

મહત્વપૂર્ણ છે કે ખેડૂતોને નવા ટ્રેક્ટર ખરીદવામાં મદદ કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પણ ૫૦ ટકાની સબસિડી આપવાની યોજના શરૂ કરાઈ છે. જેનો લાભ **pmkisan.gov.in** અને **pmkisan.nic.in** હેઠળ અરજી કરીને મેળવી શકાશે.

હવેથી ગણતંત્ર દિવસ સમારોહની ઉજવણી નેતાજી સુભાષચંદ્ર બોઝનાં જન્મ દિવસથી શરૂ થશે

નવી દિલ્હી તા. ૧૭

કેન્દ્ર સરકાર દ્વારા હવેથી ૨૩ જાન્યુઆરીએ નેતાજી સુભાષચંદ્ર બોઝના જન્મજયંતીના દિવસથી જ ગણતંત્ર દિવસ સમારોહની ઉજવણી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી ૨૪મી જાન્યુઆરીથી ઉજવણીની શરૂઆત થતી હતી પરંતુ હવેથી ઉજવણી ૨૩ તારીખથી જ શરૂ કરવાનો નિણર્ય લેવામાં આવ્યો હોવાનું સરકારના સૂત્રોએ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે સુભાષબાબુની જન્મજયંતીને પરાક્રમ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત મોદી સરકાર અગાઉથી કરી ચૂકી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મોદી સરકારનો આ નિર્ણય ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલી મોટી હસ્તીઓને યાદ કરવા માટે લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે કેન્દ્રની ભાજપ સરકાર અગાઉ પણ ઘણી તારીખો ને રાષ્ટ્રીય મહત્વના દિવસો તરીકે જાહેર કરી ચૂકી છે. જેમાં ૧૪ ઓગસ્ટે વિભાજનને સ્મારક દિવસ તરીકે, ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની જન્મજયંતિને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે, ૧૫ નવેમ્બરને આદિવાસી ગૌરવ દિવસ તરીકે અને ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે જાહેર કરવામાં આવી છે.

દુનિયાના સૌથી મીઠા સ્ટીવીયાનાં છોડથી ખેડૂતો કરી રહ્યા છે કમાણી

એક વખત રોપ્યા બાદ ખેડૂતો સાત વર્ષ સુધી મેળવી શકે છે ઉત્પાદન

નવી દિલ્હી તા. ૧૭

શેરડી અથવા સુગર બીટનો ઉપયોગ સામાન્ય રીતે ખાંડ બનાવવા માટે થાય છે. પરંતુ જ્યારે તેને બનાવવામાં કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે તો તે ખાંડના ઉપયોગની ઘણી આડઅસર થાય છે. આ કારણોસર વૈજ્ઞાનિકો લાંબા સમયથી કુદરતી વિકલ્પ શોધી રહ્યા હતા. હવે તેમની શોધ સ્ટીવિયા (**Stevia**) નામના પ્લાન્ટથી પૂર્ણ થઈ ગઈ છે. આ એક એવો છોડ છે જેના છોડ સામાન્ય ખાંડ કરતા ૨૫ ગણા મીઠા હોય છે.

આધુનિક જીવનશૈલી અને ખાનપાનની બદલાતી આદતોના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડી રહી છે. સ્થૂળતા, બ્લડપ્રેશર અને સુગરના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી રહી છે. સ્ટીવિયાની શોધ પછી હવે ખાંડ અને અન્ય રોગો સામે આશા છે. આ જ કારણ છે કે ખેડૂતો (**Farmers**) સ્ટીવિયા ફાર્મિંગ ઉપર ભાર આપવા લાગ્યા છે.

જોકે સ્ટીવિયાની ખેતી ચીનમાં સૌથી વધુ થાય છે, પરંતુ ભારતમાં પણ તેની વ્યાવસાયિક રીતે ખેતી થવા લાગી છે. પ્રગતિશીલ ખેડૂત અનિલ ધિલ્લોને લગભગ ૧૩ વર્ષ પહેલા સ્ટીવિયાની ખેતી શરૂ કરી હતી. ધીમે ધીમે તેમના ખેતરોમાં સ્ટીવિયાનો વિસ્તાર વધીને ૧૨ એકર થઈ ગયો છે. સ્ટીવિયાની ખેતી માટે છોડની જરૂર છે. ખેડૂતો માન્ય નર્સરીમાંથી રોપા લઈને ખેતી શરૂ કરી શકે છે. જો તમે ઈચ્છો તો તમે તમારી પોતાની નર્સરીમાં રોપાઓ ઉગાડીને સ્ટીવિયાનું વાવેતર પણ કરી શકો છો. એક એકર જમીનમાં છોડ રોપવા માટે ૧૦થી ૨૦ ગ્રામ બીજની જરૂર પડે છે.

નર્સરી તૈયાર કરવા માટે પાળા ઉપર બીજ વાવવામાં આવે છે. સ્ટીવિયાનો અંકુરણ દર ઓછો છે અને માત્ર ૪૦ ટકા બીજ અંકુરિત થાય છે. આ જ કારણ છે કે ખેડૂતો વધારાનું બિયારણ વાવે છે. વાવણી પછી તરત જ પાણી આપવાની ભલામણ કરવામાં આવે છે. વાવણીના ચારથી પાંચ દિવસ પછી છોડ દેખાવા લાગે છે. બેથી અઢી મહિનામાં આ છોડ તૈયાર થઈ જાય છે અને તેને ખેતરમાં રોપવામાં આવે છે.

ટ્રાન્સપ્લાન્ટિંગ માટે ફેબ્રુઆરી મહિનો સૌથી યોગ્ય માનવામાં આવે છે. ખેતરમાં સારી રીતે ખેડાણ કર્યા બાદ બે ફૂટ પહોળો અને એક ફૂટ ઊંચો પાળો બનાવવામાં આવે છે. બંધ બનાવતી વખતે ૧૨૫ ટન સડેલું ખાતર, ૨૦ કિલો નાઈટ્રોજન, ૫૦ કિલો પોટાશ અને ૫૦ કિલો ફોસ્ફરસ આપવામાં આવે છે. આ પછી રોપણી થાય છે.

નર્સરીમાંથી સ્ટીવિયાના રોપાઓ કાઢવાની પ્રક્રિયા થોડી અલગ છે. પ્રથમ, મૂળમાંથી ત્રણથી ચાર ઈંચ છોડીને બાકીના ભાગોને અલગ કરવામાં આવે છે. પછી કોદાળીની મદદથી છોડને ઝાડમાંથી દૂર કરવામાં આવે છે અને પછી માટીમાંથી મૂળ સાફ કરવામાં આવે છે. ત્યારબાદ પાળા પર ખાડાઓ બનાવીને વાવેતર કરવામાં આવે છે. રોપણી પછી સતત પિયત આપવામાં આવે છે. રોપણીના ત્રણ મહિના પછી પાક તૈયાર થાય છે. સવારે તેની લણણી કરવામાં આવે છે. પ્રથમ લણણીમાં એક એકરમાંથી ૧૦૦૦ કિલો પાક મળે છે. બીજા વર્ષમાં ઉપજ બમણી થાય છે. ખેડૂતો સ્ટીવિયાને સાત વખત રોપવાથી એકવાર પાક લઈ શકે છે. લણણી પછી પાંદડા સુકાઈ જાય છે અને પ્લાસ્ટિકની થેલીઓમાં વેચાય છે.

કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં વધારો થશે, ડીએની ચુકવણી એક સાથે કરશે

નવી દિલ્હી તા. ૧૭

કેન્દ્રીય કર્મચારીઓના રોકાયેલા ડીએની ચૂકવણી અને ડીએમાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ તેમને અત્યાર સુધી ૧૮ મહિનાની બાકી ડીએ મળ્યું નથી. કર્મચારી લાંબા સમયથી આ પૈસાને આપવાની માંગ કરી રહ્યાં છે. સૂત્રોનું એવુ પણ કહેવુ છે કે સરકાર ડીએની ચૂકવણી એકસાથે કરી શકે છે.

જો સરકારે ડીએના એરિયરની ચૂકવણી એકસાથે કરી તો કર્મચારીઓને બે લાખ રૂપિયા સુધીનો ફાયદો મળશે. લેવલ-૧ના કર્મચારીઓનું ડીએ એરિયર ૧૧૮૮૦ રૂપિયાથી લઈને ૩૭૫૫૪ રૂપિયા સુધી છે. તો લેવલ-૧૩ અને લેવલ-૧૪ના કર્મચારીઓનું એરિયર ૧.૪૪ લાખથી લઈને ૨.૧૮ લાખ રૂપિયા સુધીનુ બેઠુ છે.

નેશનલ કાઉન્સિલ ઓફ **JCM**, ડિપાર્ટમેન્ટ ઓફ પર્સનલ એન્ડ ટ્રેનિંગ અને નાણાં મંત્રાલયની વચ્ચે આ અંગે વાતચીત થઈ છે. જો કે, હજી આ અંગે કોઈ યોગ્ય જવાબ આવ્યો નથી. જેસીએમનું કહેવુ છે કે સરકાર સાથે વાતચીત ચાલી રહી છે. આશા સેવાઈ રહી છે આ અંગે ટૂંક સમયમાં કેબિનેટ સેક્રેટરી સાથે વાત થઈ શકે છે.

આનંદ કલાસીસ દ્વારા જરૂરીયાતમંદોને મકરસંક્રાંતિએ ગરમ બ્લેન્કેટ વિતરણ કરાયું

મુંબઈ, તા. ૧૭

મુંબઈનાં મુલુંડ પશ્ચિમમાં લાલજી સર સંચાલીત આનંદ કલાસીસનાં માધ્યમથી મકરસંક્રાંતિનાં દિવસે ઠંડીમાં રક્ષણ આપવાનાં પ્રયાસરૂપે ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૧૪ જાન્યુ.નાં રોજ પરીસરનાં શારીરીક અક્ષમ-વ્હીલચેર, કાખઘોડીવાળા દિવ્યાંગોને આ બ્લેન્કેટ સાથે સાડી, પેન્ટ-શર્ટ પણ આપવામાં આવ્યા હતાં. પ્રસંગોચિત તલના લાડુ આપવામાં આવ્યા હતાં. આયોજક લાલજી સરે સંક્રાંતિ ગીત ગવડાવ્યું હતું. માજી નગર સેવક જગજીવનભાઈ તન્ના, કવિ પ્રદેવ અને સ્વપ્નિલે પ્રાસંગીક વકતવ્યમાં સમયોચિત મદદની પ્રશંસા કરી હતી. બે કાખઘોડી સાથેનાં કોલેજીયન દિવ્યાંગ પંકજ ગુમાએ આભારની લાગણી વ્યકત કરી હતી. આનંદ કલાસીસનાં માજી વિદ્યાર્થી પરીમલ જયસ્વાલે આ કાર્યક્રમને સ્પોન્સર કર્યો હતો. રાષ્ટ્રગીત સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

રોજગારીનું આગવું આકર્ષણ

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢવાસીઓમાં તહેવારનું મહત્વ અનેરૂ હોય છે. મકર સંક્રાંતિનાં પર્વમાં જૂનાગઢમાં દૂર દૂરથી રોજગારી મેળવવા નાનાં વેપારી આવે છે. જેમાં ઉતરાયણમાં ગેસથી ઉડતા રમકડાં રૂપી પતંગનું આગવું આકર્ષણ ઉભું થયું હતું. જે ૫૦ રૂપિયાથી લઈ ૧૫૦ રૂપિયા સુધીની ગેસ પતંગ મળતી હતી. પ્રસ્તુત તસ્વીરમાં રોજગારી મેળવનાર આ તહેવારમાં પોતાના બાળકોની ખુશીને બાદ કરી બીજાના બાળકોને ખુશી મળે તે હેતુસર વેપારની સાથે અનેરી ગોઠવણ કરી હતી. (તસ્વીર/અહેવાલ વિજય ચુડાસમા)

ઉત્તરપ્રદેશની ચૂંટણી પૂર્વે ભાજપના વહાણ સામે પક્ષપલ્ટુઓનું વાવાઝોડું

નવી દિલ્હી તા.૧૭

ભાજપે હજી ઉમેદવારોની યાદી જાહેર કરી નથી ઉમેદવાર જાહેર થાય પછી કદાચ નારાજ નેતાઓ પક્ષ છોડી દે. પરંતુ હજી એ પ્રક્રિયા બાકી છે. તો અહીં પેલી કહેવત તો સાબિત થઈ રહી નથી અને કે વહાણ ડૂબતું હોય ત્યારે ઉંદરડા સૌથી પહેલાં ભાગે. એમ જે લોકો પક્ષ છોડી રહ્યા છે એમને ક્યાંક કોઈ માઠાં પરિણામના સંકેત તો નથી મળી ગયા અને જો કે આવડા મોટા પક્ષમાંથી એમ આઠ-દસ વ્યક્તિ બીજા પક્ષમાં જાય એ કોઈ નવાઈની વાત નથી. પરંતુ જો સત્તા સામે આવતી દેખાતી હોય જો ફરીથી સરકાર બનશે જ એવી ખાતરી હોય તો પછી પક્ષ શા માટે છોડો. કદાચ ધારાસભ્ય બને કે ન બને અન્ય લાભો તો એમને પાંચ વર્ષ મળવાના જ છે. એટલે આ ફેરબદલ હજી કેટલી થાય છે અને કેવી થાય છે એના ઉપર ઘણો મદાર છે. અત્યારે કંઈ પણ કહેવું વધારે પડતું વહેલું છે પરંતુ પ્રજામાં એક માનસિકતા ધીમે ધીમે બંધાઈ રહી છે કે, ભાજપમાં બહાર દેખાય છે એટલું અંદર બધુ ઉજળું નથી કોઈ સ્ટીમર કે વહાણ દરીયામાં ગતિ કરતું હોય, મૌસમ સાફ હોય. પાણી શાંત હોય, આકાશ ચોખ્ખું હોય અને અચાનક વાદળાં ઉમટે પવન પહેલાં મંદ થઈ જાય અને પછી દરીયો મંડે મોજા ઉછાળવા તો કેવું થાય, અચાનક આવતાં તોફાન વધારે ગભરાવી દે તેવા હોય. જો કે એનો અર્થ એ નથી કે વહાણ કિનારે પહોંચે નહીં પરંતુ થોડું ડેમેજ એટલે કે નુકશાન તો થાય જ. ઉત્તર પ્રદેશની ચૂંટણી નજીક આવી રહી છે એમ એમ રાજનીતિના નવા નવા રંગ ખૂલી રહ્યા છે. ચૂંટણી જીતવા માટે ભાજપ મરણીયો બન્યો છે અને છેલ્લે સુધી પ્રયાસ કરશે જ. એટલે જ તો ચૂંટણી સાત તબક્કામાં યોજાવાની છે અને કોણ જાણ કેમ ભાજપને ભાવિનો તાગ હોય એમ જ્યાં જ્યારે જ્યારે ચૂંટણી છે એ અગાઉ આયોજનપૂર્વક સભાઓ પણ યોજાઈ ગઈ છે પરંતુ એ તો અલગ મુદ્દો છે. મહત્વની વાત તો એ છે કે, એક પછી એક અનેક પરિપ્રેક્ષ્ય અહીં ખુલી રહ્યાં છે અને લાંબા સમય પછી આમ તો નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન બન્યા પછી ભાજપ આટલી બેકફૂટ ઉપર કદાચ પહેલીવાર છે. ઉત્તર પ્રદેશની ચૂંટણી તો જાહેર થઈ એ પહેલાંથી સંવેદનશીલ છે. અત્યાર સુધી એમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, હિન્દુત્વ, મુસ્લિમ મતો, ખેડૂત આંદોલન જેવા અનેક મુદ્દા હતા અને ભાજપે તો સક્ષ્ડ એજન્ડા એ રીતે જ તૈયાર કર્યો છે. પરંતુ વચ્ચે કેટલીક વાતો આવી ગઈ છે. સૌ જાણે છે કે, કોંગ્રેસનું ગજું આ ચૂંટણી બહુ સંતોષકારક રીતે કહી શકાય એમ જીતવાનું નથી. આમ તો એની લડાઈ ત્રીજા સ્થાન માટેની છે એમ અત્યારે કહી શકાય. પરંતુ પ્રિયંકા ગાંધીએ કમાન સંભાળીને કેટલા નિર્ણયો એવા લીધા જેને લીધે અન્ય પક્ષો જાગી ગયા છે. કોંગ્રેસે પોતાના ૧૨૫ ઉમેદવારો જાહેર કર્યા છે. એમાં ૪૦ ટકા મહિલા હોવાની જાહેરાત કરાઈ છે. કોંગ્રેસના આ ઉમેદવારો સક્ષમ છે કે નહીં, ચૂંટણીમાં સપા કે ભાજપને ટક્કર આપી શકે તેમ છે કે નહીં એ અગત્યનું નથી. પરંતુ કોંગ્રેસે આવું કર્યું એટલે અન્ય પક્ષોએ આ મુદ્દે વિચારવું તો પડશે. ભલે સામે બધા નહીં તો મોટા ભાગના ઉમેદવારો મહિલા ઉતારવા પડશે. એટલે કોંગ્રેસ વિજેતા બને કે નહીં એ તો અત્યારે કહી શકાય નહીં પરંતુ એટ્રેન્ડ સેટર બની ગઈ એમ કહી શકાય. કોંગ્રેસે યુવાનોને પણ ટિકિટ આપી છે. અન્ય પક્ષો માટે આ મુદ્દો થોડો સંવેદનશીલ એટલા માટે બની શકે કે કોંગ્રેસતો જૂના કે નવા કોઈ પણ ઉમેદવારને મત આપે કોઈ મોટો ફેર પડવાનો નથી. પરંતુ સામે સપા-ભાજપ જો નવાને તક આપે તો સિનીયરો નારાજ થાય અને જો સિનીયરોને આપે તો યુવા મતદારો નારાજ થવાની એક શક્યતા ઊભી રહે. એટલે કોંગ્રેસને ભલે ભારતીય જનતા પાર્ટી પોતાની મુખ્ય હરિફ માને નહીં પરંતુ એના અમુક નિર્ણયોને લીધે પાછળ પાછળ તો સપા, ભાજપ, બસપા બધાએ ચાલવું પડશે. એટલે ઘણા વખતે એવું થયું છે કે, ભાજપે કોંગ્રેસના કોઈ પગલાં કે નિર્ણયને લક્ષ્યમાં લેવા પડ્યા છે. યુપીની ચૂંટણીનું પરિણામ જે આવે તે પરંતુ આટલા પુરતું પ્રિયંકા ગાંધીને અભિનંદન આપવાં પડે. ચૂંટણી પહેલાં જ ભાજપે કાશીનો ભવ્ય કાર્યક્રમ, મોદીજીનું ગંગાસ્નાન જેવા કાર્યક્રમો આપી દીધા સાથે જ મથુરા પણ વચ્ચે વચ્ચે થઈ રહ્યું છે. બીજી તરફ ઉગ્ર-જલદ ધર્મસંસદો પણ યોજાઈ ગઈ. પરંતુ એની અસર કદાચ ભાજપને પોતાને જ અપેક્ષા મુજબ દેખાઈ રહી નથી. લોકો મોદી અને યોગીને ચાહે છે પરંતુ ધિક્કાર ભર્યા વક્તવ્યોને મહત્વ આપતાં નથી એવું પણ સ્પષ્ટ છે. ચૂંટણીમાં ભાજપ હિન્દુત્વના એજન્ડાનો લાભ ચોક્કસ મેળવશે પરંતુ એણે બીજા કેટલાક મુદ્દાનો પણ સામનો કરવાનો રહેશે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં હતા ત્યારથી એક છાપ ઉપસ્થિત થઈ કે હવે ભાજપમાં ગેરશિસ્ત નહીં ચાલે અને જે સામે પડે, પક્ષની વિરૂદ્ધ જાય એનું રાજકીય અસ્તિત્વ ખતમ થઈ જાય. આ યાદીમાં સ્વ. કેશુભાઈ પટેલ, સ્વ. કાશીરામ રાણા, સુરેશ મહેતા થી લઈને મોટા મોટા અનેક નેતાઓ આવી ગયા. ગોરધન ઝડફિયા ફરી પક્ષમાં છે. કાં સાથે રહો કાં ઘરે બેસો એ જ વાત છે. પક્ષમાં આંતરિક ખેંચતાણ હોય તો પણ કોઈ સામે બોલી શકતું નહીં. વડાપ્રધાન બન્યા પછી એ વાત રાષ્ટ્રીય કક્ષાએ પહોંચી ગઈ. કારણ કે ભાજપ પાસે પ્રચંડ બહુમતિ અને બહોળું લોક સમર્થન છે. કોઈ એને સાથ આપે તો સારૂ, ન આપે તો કોઈ મોટો ફેર પડે એમ નથી. એટલે રાષ્ટ્રીય અને પ્રાદેશિક તમામ સ્તરે ભાજપના અનેક લોકો ધૂંધવાતા હોવા છતાં મૂંગા બેસી રહ્યા છે. પક્ષપલટો થાય તો પણ અન્ય પક્ષોમાંથી ભાજપ તરફ થાય પરંતુ ઉત્તર પ્રદેશ જેવા મહત્વના રાજ્યમાં ઉલટો પ્રવાહ છે. ત્યાં ભાજપમાંથી ધારાસભ્યો સપામાં જોડાઈ રહ્યા છે. આવું શા માટે થયું. અંગ્રેજીમાં રાજકારણ વિષે એક ઉક્તિ છે, પોલિટીક્સ ઈઝ ગેઈમ ઓફ પર્સેપ્શન. આજે ભાજપના આઠ ધારાસભ્ય, સ્વામી મૌર્ય જેવા કદાવર નેતા સપામાં ગયા છે એને લીધે લોકોમાં છાને ખૂણે અને ધીમા સાદે એક અભિપ્રાય બંધાવા લાગ્યો છે કે કંઈક તો ગરબડ છે. ભાજપે હજી ઉમેદવારોની યાદી જાહેર કરી નથી ઉમેદવાર જાહેર થાય પછી કદાચ નારાજ નેતાઓ પક્ષ છોડી દે પરંતુ હજી એ પ્રક્રિયા બાકી છે. તો અહીં પેલી કહેવત તો સાબિત થઈ રહી નથી અને કે વહાણ ડૂબતું હોય ત્યારે ઉંદરડા સૌથી પહેલાં ભાગે. એમ જે લોકો પક્ષ છોડી રહ્યા છે એમને ક્યાંક કોઈ માઠાં પરિણામના સંકેત તો નથી મળી ગયા અને જો કે આવડા મોટા પક્ષમાંથી એમ આઠ-દસ વ્યક્તિ બીજા પક્ષમાં જાય એ કોઈ નવાઈની વાત નથી. પરંતુ જો સત્તા સામે આવતી દેખાતી હોય જો ફરીથી સરકાર બનશે જ એવી ખાતરી હોય તો પછી પક્ષ શા માટે છોડો. કદાચ ધારાસભ્ય બને કે ન બને અન્ય લાભો તો એમને પાંચ વર્ષ મળવાના જ છે. એટલે આ ફેરબદલ હજી કેટલી થાય છે અને કેવી થાય છે એના ઉપર ઘણો મદાર છે. અત્યારે કંઈ પણ કહેવું વધારે પડતું વહેલું છે પરંતુ પ્રજામાં એક માનસિકતા ધીમે ધીમે બંધાઈ રહી છે કે, ભાજપમાં બહાર દેખાય છે એટલું અંદર બધુ ઉજળું નથી. એક સાથે આટલા નેતાઓ-સીટીંગ એમએલએ પણ પક્ષ છોડતા હોય તો કંઈક તો હશે એવો એક અભિપ્રાય ધીમે ધીમે આકાર લઈ રહ્યો છે. ભાજપને હજી સુધી એવો વિશ્વાસ છે જ કે હિન્દુત્વનો મુદ્દો જ એને ફરી યુપીમાં સત્તા અપાવશે પરંતુ ઓબીસી મતોની વાત અત્યારથી આવવા લાગી છે. ઠાકુરો અને અન્ય વર્ગ પણ હવે કદાચ નારાજગી દર્શાવી રહ્યા છે. બીજી તરફ યોગી આદિત્યનાથને તો અત્યારે પ્રોજેક્ટ કરાઈ ચૂક્યા છે એટલે હવે એમાં તો બીજો વિચાર થઈ શકે એમ નથી. એટલે આ તમામ ફેક્ટર્સનો વિચાર પણ ભાજપે કરવાનો છે. કોંગ્રેસે ઉમેદવારો જાહેર કરવાની કરેલી પહેલ, આંતરિક કલહ અને જાતિ-ધર્મના નામે મત તૂટે નહીં એવો ત્રિપાંખિયો પડકાર ભાજપની સામે છે. એની સાથે જ ખેડૂતોના મત, યોગી સામે થોડી નારાજગી, એન્કાઉન્ટર્સ વગેરે વાતો તો છે જ. લખીમપુર ખીરી કે ઉન્નાવ વખતે પ્રિયંકા ગાંધીનું વલણ અને જુસ્સો જો કોંગ્રેસ મતદારોને યાદ અપાવી શકે તો એ મુદ્દો પણ અહીં ઉમેરી તો શકાય એમ છે. હા, આ બધુ અત્યારે જો અને તો છે એટલે પરિણામ આ ઘટનાઓ ઉપરથી નક્કી થઈ શકે નહીં.

121 દિવસની જનસેવાની પરિશ્રમયાત્રા

સુશાસનના 121 દિવસ

પરિણામલક્ષી નિષ્ઠા, જનસેવાની આરાધના.

ગુણવત્તાસભર આરોગ્ય સેવા

- ડોરોના સામે સુરક્ષા માટે રસીકરણમાં ગુજરાત અગ્રેસર. કિશોરોના વેક્સિનેશન અને વયસ્ક વ્યક્તિઓને પ્રિકોશન ડોઝ માટે વિશેષ અભિયાન. અત્યાર સુધીમાં અંદાજે ૯.૫૦ કરોડ વેક્સિનેશન ડોઝ અપાયા. ૯૭.૪ ટકાને પ્રથમ ડોઝ અને ૯૪.૫ ટકાને બીજો ડોઝ અપાયો.
- નાગરિકોના આરોગ્યની જાળવણી માટે અંદાજે ૨૬,૦૦૦થી વધુ સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન. ત્રણ કરોડથી વધુ લોકોની સારવાર.
- અંદાજે ૧૨ લાખ ભૂલકાંઓને ન્યુમોનિયા અને મગજના તાવ સામે રક્ષણ માટે ન્યૂમોકોકલ કોંજુગેટ વેક્સિનનું સુરક્ષા કવચ.
- એક કરોડથી વધુ નાગરિકોને વિનામૂલ્યે ગુણવત્તાસભર આરોગ્ય સેવા માટે PMJAY-'મા' કાર્ડ એનાયત કરાયા.

લોકાભિમુખ વહીવટ

- દેશના તમામ રાજ્યો વચ્ચે રહેલી સુશાસન સ્પર્ધાની કોમ્પિટેટીવ રેન્કમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.
- રાજ્યમાં સુશાસન સપ્તાહની વિશેષ ઉજવણી. ૧,૧૮૩ સમરસ ગ્રામ પંચાયતોને રૂા.૬૩ કરોડથી વધુનું પ્રોત્સાહક અનુદાન. મનરેગા યોજના અન્વયે રાજ્યમાં રૂા. ૧૨૮ કરોડના ખર્ચે ૧૭,૮૩૫ જનહિતલક્ષી કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા
- સેવા સેતુ અંતર્ગત ૨,૫૦૦ કાર્યક્રમો દ્વારા ૧૩ વિભાગોની ૨૮૦ જેટલી સેવાઓ નાગરિકોને ઘરઆંગણે ઉપલબ્ધ કરાવાઈ. ૭૩,૨૨,૪૮૭ અરજીઓનો નિકાલ.

સરળ, ઝડપી અને પારદર્શક મહેસૂલી સેવાઓ

- બિનખેતી હુકમોની મંજૂરી બાદ બાંધકામ અંગેની સમયમર્યાદા દૂર કરવામાં આવી.
- નિયત સરકારી સેવાઓમાં એફિડેવિટમાંથી મુક્તિ આપી. સેલ્ફ ડેક્લેરેશન માન્ય રાખવાની ઐતિહાસિક નિર્ણય.
- વર્ષ ૨૦૧૯થી નોંધાયેલ દસ્તાવેજોની ડિજિટલી સાઈન્ડ નકલ ઓનલાઈન ઉપલબ્ધ કરાવાઈ.
- PMJAY-'મા' યોજનાના લાભાર્થીને અપાતા આવકના પ્રમાણપત્રો ત્રણ વર્ષ સુધી માન્ય રાખવાનો મહત્વનો નિર્ણય અમલી.
- વહીવટી તંત્રમાં પારદર્શિતા લાવવા અને કાર્યક્ષમતા વધારવાના હેતુથી ઈ-સરકાર પોર્ટલ-એપ્લિકેશનનો શુભારંભ.

ખુશહાલ ખેડૂત-હરિયાળું ગુજરાત

- ડાંગ જિલ્લાને ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી આધારિત જીલ્લો જાહેર કરાયો.
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ અંતર્ગત જાન્યુઆરી-૨૦૨૨માં ૫૭.૪૯ લાખ ખેડૂતોના ખાતામાં રૂા.૧,૧૯૯.૬૦ કરોડની રકમ સીધી જમા કરવામાં આવી.
- સપ્ટેમ્બર-૨૦૨૧માં પડેલા ભારે પરસાદથી ખેડૂતોને થયેલા પાક નુકસાન સામે પ્રથમ તબક્કામાં રૂા.૫૪૬ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું બીજા તબક્કામાં રૂા.૫૩૧ કરોડનું રાહત પેકેજ.
- દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતાં અંદાજે ૨.૩૪ લાખથી વધુ ખેડૂતોને દેશી ગાયની નિભાવણી માટે સહાય.

ગુજરાતના શહેરો-સ્માર્ટ સિટી

- અમદાવાદ, સુરત, ભાવનગર અને પાટણની આઠ ટાઉન પ્લાનીંગ સ્કીમ અને વડોદરા, સુરત અને અમદાવાદની વધુ ૬ ટાઉન પ્લાનીંગ સ્કીમ મળીને કુલ ૧૮ ટી.પી. સ્કીમને મંજૂરી.
- ક્લીન ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ગુજરાતના ૩૧ ગામો, નગરો અને શહેરોમાં સ્વચ્છ ભારત, સુંદર ભારત. અમૃત ૨.૦ અંતર્ગત વિવિધ કામો હાથ ધરાયા.
- ૬૨ હજાર શેરી ફેરીયાઓને પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ અપાયા. પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત ૧.૦૯ લાખ શેરી ફેરીયાઓને લોન આપવાની પરિણામલક્ષી કામગીરી.

સુખ, સમૃદ્ધિ અને સુવિધાસંપન્ન ગ્રામજીવન

- આત્મનિર્ભર ગ્રામયાત્રા અંતર્ગત ૧૨ વિભાગોના રૂા.૧,૫૭૭ કરોડથી વધુના ખર્ચે ૪૨,૯૫૦ જેટલા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું. ૧,૯૨, ૫૭૫થી વધુ લાભાર્થીઓને લોન સહાયના ચેકનું વિતરણ કરાયું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૧.૪૪ લાખ પાકા આવાસોનું નિર્માણ અને શહેરી યોજના અંતર્ગત ૨૨ હજાર નવા આવાસોના બાંધકામ મંજૂર કરાયા. ૮૩ હજાર આવાસોની કામગીરી પૂર્ણ. ૧૫,૯૦૦ આવાસો લાભાર્થીઓને ફાળવી દેવાયા.

માર્ગ નિર્માણ

- દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટાડતા તાસપુરથી વાસદ વચ્ચેના ૪૮ ડિલોમીટર લંબાઈનો રૂા. ૧૦૦૫ કરોડના ખર્ચે નવનિર્મિત સિક્સલેન માર્ગ જનતાને સમર્પિત.
- સરખેજ-ગાંધીનગર-શિલોડા નેશનલ હાઈ-વેના માર્ગ પર વધુ એક ફ્લાયઓવર બ્રિજ જનતાને સમર્પિત.
- ફાટકમુક્ત ગુજરાતની નેમ સાથે રેલ્વે ઓવરબ્રિજ અને અન્ડર બ્રિજના ૩૦ કામો માટે રૂા.૮૯૦ કરોડના પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી.

પાણીનું પાણીદાર આયોજન

- 'નલ સે જલ'ના અમલીકરણમાં ગુજરાત અગ્રેસર. બોટાદ, આણંદ, મહેસાણા, પોરબંદર અને ગાંધીનગર જિલ્લા પછી વડોદરા ૧૦૦ ટકા 'નલ સે જલ' મેળવનાર છઠ્ઠો જિલ્લો બન્યો.
- વડોદરા, સાવલી, ડેસર અને કરજણ તાલુકાના ૨૧૧ ગામો માટે રૂા. ૩૬૪ કરોડની પાંચ નવી જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત. ૪.૩૫ લાખ ગ્રામીણ લોકોને પીવાનું શુદ્ધ પાણી મળશે.

વંચિતો વિકાસની વાટે

- વન્ય અધિકાર અધિનિયમ અંતર્ગત ૧૬,૫૭૨ વનબંધુઓને જમીનના અધિકારો અપાયા.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ૩૮.૭૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ. ધોરણ-૧ થી ૮મા અભ્યાસ કરતા આશરે ૪૬.૯૭ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય અપાઈ.
- દિવ્યાંગજનોને દિવ્યાંગતાનું પ્રમાણપત્ર લાઈફ ટાઈમ માટે માન્ય કરવાનો મહત્વનો નિર્ણય કરાવો.

નારી ગૌરવ

- મહિલાઓના ૧.૧૩ લાખ સ્વસહાય જૂથોને આર્થિક રીતે સક્ષમ બનાવાયા. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ૧૩,૫૦૦ જેટલા સ્વસહાય જૂથોને લોન અપાઈ.
- કોરોનાના સમયમાં પણ રાજ્યના નાગરિકોને ભોજનની અસુવિધા ઉભી ન થાય તે માટે એક લાખથી વધુ પરિવારોના અંદાજે ૪.૮૨ લાખ નાગરિકોને અન્ન સુરક્ષા પુરી પાડવામાં આવી.
- પાત્રતા ધરાવતી ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ રૂા.૧૨૫૦ની આર્થિક સહાય સીધી લાભાર્થીના ખાતામાં જમા કરવામાં આવી છે.

શિક્ષિત ગુજરાત

- નવી શિક્ષણ નીતિના દિશાદર્શનના રોડમેપ અને SSIP2.0નું લોન્સીંગ.
- દેશના સૌથી મોટા પ્રોજેક્ટ મિશન સ્કૂલ ઓફ એક્સલન્સ માટે વર્લ્ડ બેંક અને એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક દ્વારા ૫૦૦ મિલિયન ડોલરનું ફંડ મંજૂર કરાયું આ પ્રોજેક્ટ માટે ગુજરાતને ૧ બિલિયન ડોલરનું ફંન્ડીંગ મળશે.

ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસર ગુજરાત

- વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની શૃંખલા અંતર્ગત ૧૩૫ જેટલા એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરાયા.
- લોજિસ્ટિક્સ માલ સામાનની સરળતાથી હેરફેરની કાર્યક્ષમતા LEADS ઈન્ડેક્ષમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે.
- પી.એમ. ગતિશક્તિ પ્રોજેક્ટના અમલીકરણમાં ગુજરાત અગ્રણી.

યુવા વિકાસ : હર હાથને કામ

- કોરોનાકાળમાં યુવાનો નોકરીની તકથી વંચિત ન રહી જાય એવા અભિગમ સાથે સરકારી નોકરીમાં ભરતી માટેની મર્યાદામાં એક વર્ષની છૂટછાટ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય.
- નોકરી દાતા અને રોજગારવાંચ્છુ યુવાનો વચ્ચે સેતુ રૂપ "અનુબંધમ" પોર્ટલ અને મોબાઈલ એપ કાર્યરત. શ્રમિકોના ઉત્કર્ષ માટે ૪૫ લાખ જેટલા શ્રમિકોની ઈ-શ્રમ પોર્ટલ હેઠળ નોંધણી.

'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યને સાકાર કરવા સર્વાંગી વિકાસની દિશામાં ગુજરાત દેશમાં અગ્રેસર

ગિરનાર પર્વત ઉપર અંબાજી માતાજીનાં પ્રાગટય મહોત્સવની આજે ભાવભેર ઉજવણી

કોરોનાની ગાઈડલાઈનનાં પાલન સાથે સાદાઈથી ભાવિકોની હાજરીમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

(તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ તા. ૧૭

ભાવિકોની આસ્થાનું કેન્દ્ર અને ગરવા ગિરનારની ટોચ ઉપર બિરાજમાન એવા અંબાજી માતાજીનાં પ્રાગટય દિન આજ પોષી પૂનમનાં દિવસે આવતો હોય આજે સવારથી જ મંદિર પરીસરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. કોરોનાની ગાઈડલાઈન અને સરકારનાં નિયમ મુજબ સાદાઈથી અંબાજી માતાજીનાં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે.

પર્વતોનાં પ્રપિતામહ એવા ગરવા ગઢ ગિનારનાં પાંચ હજાર પગથીયા ઉપર બિરાજમાન માતા અંબાજીનાં પ્રાચીન નીજ મંદિરમાં બીરાજમાન માં અંબાજીનાં પ્રાગટય મહોત્સવે મંદિરનાં મહંત મોટા પીરબાવા તનાસુખગીરી બાપુ, નાના પીરજી મહંત ગણપતગીરી બાપુની નિશ્રામાં હજારો માઈભકતોની હાજરીમાં માતાજીને શ્રીંગાર સાથે શ્રીસુકતના પાઠ, હોમહવના, ગંગાજળ દુધથી માતાજીને અભિષેક સાથે નિજ મંદિરનાં શિખર ઉપર ધજા ચડાવવામાં આવી હતી. બપોરે મહાઆરતી સાથે માતાજીને થાળ ધરીને ભાવિકોને મહાપ્રસાદ પીરસવામાં આવેલ હતો. સવારનાં ૭ કલાકથી બપોરનાં ૨ કલાક સુધી માતાજીનો પ્રાગટયોત્સાવ કોરોના ગાઈડલાઈન મુજબ ઉજવવામાં આવેલ હતો.

જૂનાગઢ સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે પૂનમ ભરતા ભાવિકો



જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢ શહેરમાં જવાહર રોડ ઉપર આવેલા સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પોષી પૂનમનાં દિવસે ભાવિકો દર્શનાર્થે આવ્યા છે. અને સરકારની ગાઈડલાઈન મુજબ દર્શનનો લાભ લઈ રહયા છે. ભગવાન સ્વામિનારાયણનાં સ્વહસ્તે પધરાવેલા દેવો ઉપરાંત ભાવિકોની કાયમને માટે મનોકામના પૂર્ણ કરતાં સિધ્ધેશ્વર મહાદેવની સન્મુખ ભાવિકો આજે મનોકામના પૂર્ણ માટે પ્રાર્થના અને સંકલ્પ કરી રહયા છે.

મકરસંક્રાંતિનાં પર્વે પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. સ્વામિનારાયણ મુખ્ય મંદિર ખાતે કાયમ આવતા ભાવિકોનો પણ સતત પ્રવાહ દર્શનાર્થે ઉમટતો હોય છે. આ ઉપરાંત ખાસ પૂનમ ભરતા ભાવિકો પણ દર પૂનમે સંકલ્પ મુજબ અહી પધરાવેલા દેવોનાં દર્શને આવી અને યથાશકિત પ્રમાણે તેમજ સંકલ્પ મુજબ પ્રસાદ ધરાવતા હોય છે. આ ઉપરાંત મંદિર પરીસરમાં સિધ્ધેશ્વર મહાદેવનાં અભિષેકનાં કાર્યક્રમો પણ યોજાતા હોય છે. સ્વામિનારાયણ મુખ્ય મંદિરનાં કોઠારી સ્વામી શાસ્ત્રી પ્રેમસ્વરૂપદાસજી મહારાજ (નવાગઢવાળા) તેમજ ચેરમેન સ્વામી દેવનંદનસ્વામીજી, શાસ્ત્રી પીપી સ્વામી સહીતનાં સંતગણ દ્વારા ભાવિકો માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આજે જૂનાગઢ સહીત દૂર દૂરથી ભાવિકો પૂનમ ભરવા અને સિધ્ધેશ્વર મહાદેવ સહીતનાં દેવોનાં દર્શને આવ્યા છે અને દર્શનનો લાભ લઈ રહયા છે. સરકારની ગાઈડલાઈન મુજબ તમામ તકેદારી પાડવામાં આવી રહી હોવાનું મંદિર ટ્રસ્ટ તરફથી જણાવેલ છે.

મેંદરડાનાં વેપારી સાથે છેતરપીંડી કરનાર અમદાવાદનાં આરોપીની ધરપકડ, ત્રણ દિવસનાં રિમાન્ડ ઉપર

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ જિલ્લાના મેંદરડાના વેપારી એવા ફરિયાદી પ્રતિકભાઈ સવજીભાઈ હિરપરા પટેલ(ઉ.વ.૩૫) રહે. લોહાણા મહાજનવાડીની પાસે, મેંદરડા, જી. જૂનાગઢ સાથે ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પેઢી અમદાવાદના રાજેશભાઈ કોઠારી તથા કેપિટલ એન્ટરપ્રાઈઝ પેઢીના દીપકભાઈ ઉર્ફ દિલીપભાઈ વલ્લભભાઈ કાળસરિયા પટેલ રહે.હડમતીયા-ગીર તા.તાલાલા દ્વારા વિશ્વાસમાં લઈ, અલગ અલગ સમયે ઘઉની ખરીદી કરી, ઘઉના નીકળતા રૂા.૧૩,૬૧,૯૫૨/- વાયદાઓ કરી, નહીં આપી, વિશ્વાસઘાત છેતરપિંડીના ગુન્હામાં આરોપી દીપકભાઈ ઉર્ફ દિલીપભાઈ વલ્લભભાઈ કાળસરિયા પટેલ રહે.હડમતીયા-ગીર તા.તાલાલા હાલ રહે.અમદાવાદની ધરપકડ કરી, ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર મેળવેલ છે. જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા નવા આવેલ જિલ્લા પોલીસવડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા માતબર રકમના છેતરપિંડીના ગુન્હામાં પકડાયેલ આરોપીની ઊંડાણપૂર્વક પૂછપરછ કરી, આ ગુન્હામાં સંડોવાયેલ અન્ય આરોપીઓને પણ પકડી પાડવા માટે સુચનાઓ કરવામાં આવેલ છે. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ મેંદરડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ. મોરી સહિતના સ્ટાફની ટીમ દ્વારા આરોપી દીપકભાઈ ઉર્ફ દિલીપભાઈ વલ્લભભાઈ કાળસરિયા પટેલ રહે.હડમતીયા-ગીર તા.તાલાલા હાલ રહે.અમદાવાદની સઘન પૂછપરછ કરવામાં આવતા, આરોપી ભૂતકાળમાં સને ૨૦૧૨થી આજદિન સુધી અમદાવાદ, રાજકોટ, ગોંડલ, મોરબી, ટંકારા, જૂનાગઢ સહિતની કોર્ટમાં નેગોશિયબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટ ૧૩૮ની ૧૬ જેટલી ફરિયાદો દાખલ થયેલ છે. જેમાં તે હાજર રહેતો નહીં હોય, ઉપરોકત નામદાર કોર્ટ દ્વારા પકડ વોરંટ ઈસ્યુ થયાની શકયતાઆધારે પણ તપાસહાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત, પકડાયેલ આરોપી ભૂતકાળમાં સુરત શહેર કામરેજ પોલીસ સ્ટેશનમાં રૂપિયાની ઉઘરાણી મામલે ફરિયાદીના ભાઈને મરવા માટે મજબૂર કર્યા અંગેના ગુન્હામાં, જૂનાગઢ જિલ્લાના બીલખા પોલીસ સ્ટેશન ખાતે વિદેશી દારૂના ગુન્હામાં, વસ્ત્રાપુર અમદાવાદ શહેર અને મોરબીના ટંકારા પોલીસસ્ટેશન ખાતે પણ છેતરપિંડીના ગુન્હામાં પકડાયેલ છે. પકડાયેલ આરોપી દિલીપભાઈ વલ્લભભાઈ પટેલ કેપિટલ એન્ટરપ્રાઈઝ નામની પેઢી ચલાવી, ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ અને શ્રીનાથ ટ્રેડિંગ જેવી પેઢીઓને હાયર કરી, ભાડું અને કમિશન ચુકવવાની લાલચ આપી, જુદા જુદા શહેરો અને ગામોમાંથી ઘઉ, ધાણા જેવી જણસો ખરીદ કરી, નાના વેપારી અને ખેડૂતોને માલના રૂપિયા વાયદાઓ કરી, પરત નહીં આપી અથવા ચેક આપી, છેતરપિંડી વિશ્વાસઘાત કરવાના ગુન્હાઓ આચારવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે. પકડાયેલ આરોપી દિલીપભાઈ વલ્લભભાઈ કાલસરિયા પટેલ છેલ્લા ૧૦ વર્ષથી આ પ્રકારની મોડ્સ ઓપરેન્ડીથી ગુન્હાઓ આચરે છે. ભોગબનાનારને ચેક પણ આપે છે, ચેક રિટર્ન ના કેસો કોર્ટમાં દાખલ થયા બાદ હાજર રહેતો નથી. ફરિયાદી કંટાળી રૂપિયા જતા કરી દે છે. જયા જયા ગુન્હાઓ દાખલ થાય છે, ત્યાં પોતે ઉપરોકત મોડ્સ ઓપરેન્ડીના કારણે કાગળઉપર પોતાની જવાબદારી નહિ હોવાની નામદાર કોર્ટમાં રજુઆત કરી, જામીન મેળવવામાં પણ સફળ થઈ જાય છે. આમ, ઉપરોકત મોડ્સ ઓપરેન્ડીનો ઉપયોગ કરી, પોલીસ તપાસમાં અને નામદાર કોર્ટમાં કાયદાની છટકબારી શોધી લેવાનું પણ પોલીસ તપાસમાં જાણવા મળેલ છે. હજુ પણ પકડાયેલ આરોપી વિરૂદ્ધ ચોટીલા, બોટાદ, ભચાઉ, બાવળા, વિરમગામ સહિતના ગામોમાં ફરિયાદો પેન્ડિંગ હોવાનું પણ પોલીસ તપાસમાં જાણવા મળેલ છે. પકડાયેલ આરોપી બીજા કોઈ ગુન્હાઓમાં સંડોવાયેલ છે કે કેમ ? કોઈ ગુન્હાઓમાં વોન્ટેડ છે કે કેમ ? આ ગુન્હામાં બીજા કોણ કોણ આરોપીઓ સંડોવાયેલ છે ? વિગેરે બાબતે પૂછપરછ કરી, મેંદરડા કોર્ટમાં રજુ કરી, ત્રણ દિવસના પોલીસ રિમાન્ડ મંજુર કરતા, વધુ તપાસ મેંદરડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.એમ. મોરી તથા સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

જૂનાગઢ પોલીસ દ્વારા વધુ એક પરિવારને જોઈતી મદદ પુરી પાડી અને મુશ્કેલીનો નિકાલ કર્યો

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ રેન્જના આઈજીપી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા સામાન્ય પ્રજાના લોક માનસ ઉપર પોલીસની એક સારી છાપપડે અને "પોલીસ પ્રજાનો મિત્ર છે" એ સૂત્ર સાર્થક બને તેવા પ્રજા કલ્યાણ તથા પ્રજા ઉપયોગી કાર્યવાહી કરવા જિલ્લાના તમામ પોલીસ અમલદારોને સૂચના કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરના કડીયાવાડ વિસ્તારમાં રહેતા અને જિલ્લા પંચાયત વિભાગમાં નોકરી કરતા, રીટાયર્ડમેન્ટના આરે ઉભેલા સિનિયર સીટીઝન મુકેશભાઈ કેશવલાલ બેટીચા(મો. ૯૭૨૪૩ ૬૨૩૪૦)એ જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીને મળી, પોતે જિલ્લા પંચાયતમાં પટાવાળા તરીકે નોકરી કરતા હોય, હાલ પોતે કડીયાવાડ, વસતા લાધાની શેરી ખાતે રહેતા હોય, પોતાની માતાની જવાબદારી પણ પોતાના ઉપર હોય, પોતાની મરણ મૂડીમાંથી ગાંધીગ્રામ વિસ્તારમાં સંજયનગર શેરી નં.૦૩, શિક્ષક સોસાયટી ખાતે મકાન લીધેલ હતું. પોતાના દીકરાએ ભૂતકાળમાં સામાવાળા રામાભાઈ રબારી પાસેથી રૂપિયા એક લાખ હાથ ઉછીના લીધેલ હતા. હાલમાં છેલ્લા બે મહિનાથી પોતાનો દીકરો દેણું થઈ જતા, ગામ છોડીને ભાગી ગયો હોય, પોતાને પોતાના દીકરા સાથે કોઈ સંબંધ નહીં હોવા છતાં, તેની પાસે માંગતા રૂપિયાની ઉઘરાણીમાટે આ રામાભાઈ રબારીએ પોતાની માલિકીના મકાનમાં પોતાનું તાળું મારીદઈ, કબજો કરી, રૂપિયાઆપો તો જ મકાનનો કબજો આપવા ફાવે તેમ બોલી, ધમકી આપેલ હતી. સિનિયર સીટીઝન કર્મચારીને પોતાની માલિકીનું માતબર રકમનું મકાન ખોવાનો વારો આવતા, મુંઝાયા હતા અને પોતાની વર્ષોની મરણ મૂડી સામાન કમાણીના રૂપિયાથી બનાવેલ મકાન પચાવી પાડવાનો ભય લાગતા, ગળગળા થઈને રજૂઆત કરવામાં આવેલ હતી. જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેરના સી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.જે. ગઢવી, સ્ટાફના હે.કો. નારણભાઈ, ઈન્દુભા, પો.કો. આઝાદસિંહ, સંજયસિંહ, નાગદાનભાઈ, કૈલાશભાઈ, ચેતનસિંહ સહિતની ટીમ દ્વારા અરજદારની રજુઆત આધારે અરજદાર સિનિયર સીટીઝન કર્મચારીનું મકાન પચાવી પાડનાર રમેશ ઉર્ફે રામો સુરાભાઈ ભારાઈ જાતે રબારી રહે. સંજયનગર, ગાંધીગ્રામ, જૂનાગઢને બોલાવી, મકાનની ચાવી આપી દેવા અને નહીંતર લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ ગુન્હો નોંધવા કાર્યવાહી કરવા પોલીસની ભાષામાં સમજાવતા, અરજદાર સિનિયર સીટીઝન કર્મચારીના મકાનની ચાવી પરત આપવા માટે તૈયાર થઈ ગયેલ હતો અને મકાનની ચાવી ઉભા ઉભા આપી દીધી હતી. ઉપરાંત, હવે પછી કોઈ દિવસ આ બાબતે તેને નહીં બોલાવવા કે હેરાન નહિ કરવા ખાતરી આપતા, સિનિયર સીટીઝન એવા અરજદાર કર્મચારી તથા કુટુંબીજનો દ્વારા જૂનાગઢ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા પણ પોતાની ફરજ ગણાવી, સિનિયર સીટીઝન એવા કર્મચારીને મદદ કરવીએ પોલીસની અગત્યની ફરજ ગણાવી, અરજદારને તકેદારી તથા સાવચેતી રાખવા વિનંતી પણ કરવામાં આવેલ હતી. અરજદારને પોલીસનો આવો અનોખો અનુભવ અને પોતાના જિંદગીના કમાણી સમાન માતબર રકમના મકાન પરત મળતા, ખૂબ જ આનંદિત થઈ, અરજદાર દ્વારા આનંદ વ્યક્ત કરી, રૂબરૂ મળી, જો પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ ના હોત તો, પોતાની જિંદગીની કમાણી સમાન માતબર રકમનું મકાન પોતાને પરત ના મળતી, એવી લાગણી વ્યક્ત કરી, કામ કરનાર જૂનાગઢ પોલીસ સ્ટાફનો વારંવાર આભાર વ્યક્ત કરતા હોય, સી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ભાવવાહી દ્રશ્યો સર્જાયા હતા. જૂનાગઢ જિલ્લાના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમ શેટ્ટીની સૂચનાથી જૂનાગઢ પોલીસ દ્વારા અરજદારને પોતાની જીવન મરણ સમાન મકાન પરત અપાવી, સુરક્ષા સાથે સેવાનું ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે, એ સૂત્ર જૂનાગઢ જિલ્લા પોલીસએ ફરીવાર સાર્થક કર્યું હતું.

જૂનાગઢમાં પોલીસ કોન્સ્ટેબલની ફરજમાં રૂકાવટ : બે સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢનાં આઝાદ ચોક પાસે ગર્લ્સ હાઈસ્કુલ સામે ગઈકાલે બનેલા એક બનાવમાં પોલીસ કર્મચારીની ફરજમાં રૂકાવટનો બનાવ બન્યો છે આ બનાવ અંગેએ ડીવીઝન પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ રાજુભાઈ ભાયાભાઈએ આ કામનાં આરોપી યશ પ્રતાપભાઈ વડગામા (ઉ.વ.૨૫) પ્રતાપભાઈ રતીલાલ ગડગામા (ઉ.વ.૫૨) રહે. બંને ઉપરકોટ જગમાલ ચોક, અમૃતવાડીની બાજુમાં સુગમ એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૦૨ વાળા સામે એવી ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદી પોતાની કાયદેસરની ફરજમાં હતા તે દરમ્યાન બંને આરોપીઓ ડબલ સવારી મોટર સાયકલમાં મોઢે માસ્ક બાંધ્યા વિના નીકળતા ફરીયાદીએ તેને રોકતા અને ટપારતા આરોપીઓએ બિભત્સ શબ્દો કહી તેમજ ઝપાઝપી કરી અને ફરીયાદીને ફડાકા ખેંચી લઈ ગર્ભિત ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આયુર્વેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાપાસ ચોકડી, ૯-સ્કવેર બિલ્ડીંગ, ત્રીજા માળે, કે.જે. હોસ્પીટલની બાજુમાં, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ૐ ઉપચાર કેન્દ્ર

ડૉ. સી.ડી. ઓઝા (N.D.)

તમામ પ્રકારની નેચરોપેથિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસાઈટીસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા,
- નેત્ર તર્પણ : આંખના નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીનાં રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, શીરોધારા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૬ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

શોપ નં. ૩, શકિત કોમ્પ્લેક્ષ, શકિતનગર-૧, શાંતેશ્વર રોડ, જોષીપરા, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૬માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

એક શુભેચ્છક

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

MI-LED, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ કે આકર્ષક પગાર ઘોરણે.

બહેરાશ નિવારણ માટેનું એકમાત્ર હાઈટેક કલીનીક

શું તમને સાંભળવાની તકલીફ કે બહેરાશ છે ?

સરકારી કર્મચારી તથા પેન્શનરો માટે ગુજરાત સરકારની રૂા. ૫૦,૦૦૦/- ની હીયરીંગ મશીનની રીએમ્બર્સમેન્ટ યોજનાનો લાભ તથા માર્ગદર્શન.

છેલ્લા ૧૭ વર્ષથી કાર્યરત એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે

VATSALYA

- નિષ્ણાંત ક્વોલીફાઈડ ઓડીયોલોજીસ્ટ દ્વારા કાનની બહેરાશની તપાસ તેમજ પોટરમુફ/વાયરલેસ અને તમારા મોબાઈલથી કનેકટ થઈ જાય તેવા વિશ્વના એડવાન્સ ટેકનોલોજીવાળા યુરોપની કંપનીના ૧૦૦% ડીઝીટલ મશીન પર ટ્રાયલ તથા કન્સલ્ટન્સી.

બોલવામાં કોઈપણ પ્રકારની તકલીફ માટે સ્પીચ થેરાપી સારવાર ઉપલબ્ધ

તો આજે જ બેસ્ટ ક્વોલીટી, બેસ્ટ સર્વિસ અને બેસ્ટ રીઝલ્ટની ખાત્રી માટે અચુક સંપર્ક કરો

વાત્સલ્ય સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીક

જૂનાગઢ ૧૫૯, પ્રિઝમ કોમ્પલેક્ષ, પહેલા માળે, એસ.ટી.બસ સ્ટેન્ડ સામે, પતંજલી ચિકિત્સાલયની ઉપર, જૂનાગઢ

રાજકોટ વોકાર્ડ હોસ્પીટલની બાજુમાં, સોની સેન્ટર શો-રૂમવાળી શેરી, ટી પોસ્ટની સામે, કાલાવડ રોડ, રાજકોટ.

જામનગર ૩૦૬, સિધ્ધીવિનાયક પ્લાઝા, ત્રીજો માળ, મીગ કોલોની કોર્નર, મયુર મેડીકલની સામે, એસ. ટી. બસ સ્ટેન્ડ પાસે.

ફોનથી એપોઈન્ટમેન્ટ લઈને જ આવવું. મો. ૯૬૦૧૦ ૪૦૦૦૨, ૯૮૯૮૧ ૫૫૮૮૨